# Veer Narmad
# South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'A' grade

## દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

**Vol.2, Issue. 17, October 2019**

For Private Circulation Only

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT








Dr. Shivendra Gupta
Vice-Chancellor

આપણી યુનિવર્સિટી
આપણું ગૌરવ



દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
Vol.2, Issue. 17, October 2019
Veer Narmad South Gujarat University, Surat.




ભલાઈની સાથે જ્ઞાનનો યોગ સાધવો જોઈએ. કેવળ ભલાઈ ઝાઝી ઉપયોગી નથી થતી. માણસે સૂક્ષ્મ વિવેકશકિત જાળવવી જોઈએ. આધ્યાત્મિક હિંમત અને ચારિત્ર્ય હોય ત્યાં એ હોય છે. કટોકટીની પળે, કયારે બોલવું અને કયારે મૌન રાખવું, કયારે પગલાં ભરવાં અને કયારે કશું ન કરવું, એ માણસે જાણવું જોઈએ. આવા સંજોગોમાં કર્મ અને અકર્મ પરસ્પર વિરોધી હોવાને બદલે એકરૂપ હોય છે.

– મહાત્મા ગાંધી

## યુનિવર્સિટી ન્યૂઝ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના શિક્ષણ વિભાગના એસોસિએટ પ્રોફેસર અને વડાશ્રી ડૉ. રાજેશ બી. પટેલને શિક્ષણ વિભાગના એસોસિએટ પ્રોફેસર અને વડાની ફરજ ઉપરાંત તા. ૦૭/૧૦/૨૦૧૯થી કુલસચિવનો વધારાનો ચાર્જ સોંપવામાં આવેલ છે.




## મહાત્મા ગાંધી ગ્રામ્ય અભ્યાસ વિભાગ, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ, સમાજસેવા મહાવિદ્યાલય, વેડછી.

### મહાત્મા ગાંધી ૧૫૦મી જન્મજયંતી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા દ્વારા તા. ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીના ચાર દિવસીય કાર્યક્રમ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. યુનિવર્સિટીમાં મહાત્મા ગાંધી ગ્રામ્ય અભ્યાસ વિભાગ, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ તેમજ સમાજસેવા મહાવિદ્યાલય વેડછી દ્વારા યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીના ભાગરૂપે ચાર દિવસીય કાર્યક્રમનું અયોજન કરવામાં આવ્યું છે. જેમાં રેટીઓ કાંતણ અને ગાંધીજી પર અને તેમના દ્વારા લખાયેલા પુસ્તકો તેમજ જીવનના ફોટાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. 'ગાંધી સાહિત્ય'નું પ્રદર્શન યુનિવર્સિટી ગ્રંથાલય ધ્વારા કરવામાં આવ્યું હતું.


















## ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં ૧૫૦મી ગાંધી જયંતીના સંદર્ભમાં તા. ૨૯/૦૯/૨૦૧૯ થી તા. ૦૨/૧૦/૨૦૧૯ સુધી મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ દ્વારા વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મહાત્મા ગાંધી દ્વારા લખાયેલા પુસ્તકોનું પ્રદર્શન, વિવિધ વિભાગો દ્વારા સ્વસ્છતા અભિયાન, ખાદીના વસ્ત્રો પહેરવાનો કાર્યક્રમ, નિબંધ સ્પર્ધા, ગાંધી ગીત ગાયન તથા ચરખા કાંતર નિદર્શન વગેરે કાર્યક્રમો થયા હતા.

તા. ૦૨/૦૯/૨૦૧૯ના દિવસે યુનિવર્સિટી કેમ્પસમાં અર્થશાસ્ત્ર વિભાગના સભાગૃહમાં શ્રી પ્રવિણભાઈ ઠક્કર, પૂર્વ નિયામક, લોક ભારતી વિદ્યાલય, સણોસરા દ્વારા 'ગાંધી અને શાંતિ' વિષય પર વ્યાખ્યાનનું આયોજન ગ્રામ અભ્યાસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

તેમના વકતવ્યમાં શ્રી પ્રવિણભાઈ ઠક્કરે કહ્યુ કે, ગાંધીજી 'શાંતિના અવતાર' હતા. ગાંધીજીએ કહ્યુ હતું કે અહિંસા એટલે હિંસા વગરનું જ નહી પરંતુ અહિંસા એટલે શાંતિ, પ્રેમ, રાગદ્વેષનો અભાવ અને સદગુણોનું સમન્વય. ગાંધીજીના વિચારોને દરેક ભારતીયોએ મનન, ચિંતન, અભ્યાસ અને અમલ કરવો જોઈએ.

આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ પોતાના અધ્યક્ષીય પ્રવચનમાં ગાંધીજીની સાથે સાથે ભારતના પૂર્વ પ્રધાનમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રીને એમના જન્મદિવસના અવસરે સ્મરણ કર્યા હતા. તેમણે ગાંધીજીની સાદગીથી જીવવાની પદ્ધતિની પ્રસંશા કરી હતી. આ પૃથ્વી બધાની છે અને આપણે નાના બાળકોની કાળજી લઈએ એ રીતે પ્રકૃતિની સંભાળ માટે માનવ જીવનમાં કેટલાક બદલાવ લાવવાની હિમાયત કરી હતી. પ્લાસ્ટિક મુકત ભારત રાષ્ટ્રને સાકાર કરવું હશે તો સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશને બંધ કરવો પડશે.

શ્રી પ્રવિણભાઇ ઠક્કરે મહાત્મા ગાંધીના સમગ્ર જીવનનાં કેટલાક અંશોથી ગાંધીજીના કાર્યોની વાસ્તવિકતાનો પરિચય કરાવ્યો હતો. ગાંધીજીને તેમણે શાંતિના મસીહા તરીકે ગણાવી સાંપ્રત સમયમાં ગાંધીજીના વિચારોની પ્રસ્તુતતાની અસરકારકતાથી વાકેફ કર્યા હતા.

ગાંધીજી દેશના છેવાડાના માનવીને કેન્દ્રમાં રાખતા અને ગરીબો–વંચિતોના પ્રશ્નો માટે ખૂબ જ સંવેદનશીલ હોવાથી વિકેન્દ્રીકરણ, જાતિભેદ નિવારણ, અસ્પૃશ્યતા નાબુદી, કોમી એકતા અને શાંતિના હિમાયતી હતા. તેથી ગાંધીજી હંમેશા દેશના લોકોને જયારે સંપર્ક કરતા ત્યારે જનજાગૃતિ કાર્ય સાથે દેશના લોકોને જોડતા.

શ્રી પ્રવિણભાઈ ઠક્કરે ગાંધીજી મોહનદાસ કરમચંદ ગાંધી માંથી મહાત્માં ગાંધી સુધીના બિરૂદ સુધીની જીવન યાત્રાનાં પ્રસંગો ખાસ કરીને દક્ષિણ આફ્રિકામાં વકીલાતના વ્યવસાય અને ભારતમાં અંગ્રેજો સામેની લડત, તેમજ

ભારતને સ્વતંત્ર બનાવવાની લડતમાં ગાંધીજીના યોગદાન વિશે પણ ઝાંખી કરાવી હતી.

સમગ્ર કાર્યક્રમ મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના વડાશ્રી ડૉ. વિપુલ સોમાણીના માર્ગદર્શન હેઠળ થયો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. શ્રીધર નિમાવતે કર્યુ હતું અને કાર્યક્રમની પૂર્ણાહૂતિની પ્રા.ડૉ. દીપક ભોયેએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે યુનિવર્સિટીના સેનેટ અને સિન્ડિકેટના સભ્યો, વિવિધ વિભાગના વડાશ્રીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.







## રાષ્ટ્રીય સેવા યોજના : કેમ્પેઈન ફોર પ્લાસ્ટિક ફ્રી રેલી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા ૧૫૦મી ગાંધી જયંતી ઉજવણીના ભાગરૂપે તા. ૦૨/૧૦/૨૦૧૯ના રોજ અંબિકાનિકેતન ઓવારા, પાર્લેપોઈન્ટ પાસે 'કેમ્પેઈન ફોર પ્લાસ્ટિક ફ્રી ઈન્ડિયા રેલી'નું આયોજન થયું હતું.

કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યકર્તાઓને તુલસીના છોડ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. રાષ્ટ્રીય સેવા યોજનાના સહસંયોજક શ્રી પ્રકાશચંદ્રએ ભારતમાતાની છબી આપીને કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાનું સ્વાગત કર્યુ હતું.

રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજક ડૉ. ભરત ઠાકોરે તેમના પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું કે, પ્લાસ્ટિક મુક્ત સમાજ એ ભારત રાષ્ટ્ર નિર્માણના મહત્વપૂર્ણ કાર્યમાં એક અગત્યનું યોગદાન છે. યુનિવર્સિટી આ ઐતિહાસિક કાર્યમાં પ્રથમ વખત જોડાયેલ છે. રાષ્ટ્રીય સેવા યોજના હંમેશા દેશના સામાજીક કાર્યોમાં સંપૂર્ણ યોગદાન આપે છે અને સામાજીક સમરસતા વધારવા તથા સામાજીક વિકાસમાં સતત સક્રિય રહી છે.

કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ પોતાના અધ્યક્ષીય ઉદ્દબોધનમાં કહ્યું કે, પ્લાસ્ટિક મુક્ત ભારત એ આપણી યુનિવર્સિટીનો સંકલ્પ છે, અને આજથી યુનિવર્સિટીમાં પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ છે. પ્લાસ્ટિક પર્યાવરણ માટે ખૂબ જ નૂકસાનકારી છે. વન ટાઈમ યુઝ વાળું પ્લાસ્ટિક જેવી કે દૂધની થેલી, પ્લાસ્ટિકની બોટલ, સાદી થેલી વગેરે પર્ણાવરણને નુકસાન પહોંચાડે છે. આવનાર પેઢીને શુદ્ધ પર્યાવરણ આપવું એ આપણું કર્તવ્ય છે. તેમણે ઉમેર્યુ કે, રાષ્ટ્રીય સેવા યોજનાએ ડુમસ સુધી રેલી કાઢવી જોઈએ જેમાં વિદ્યાર્થીઓએ ભાગ લેવો જોઈએ. એમણે વિદ્યાર્થીઓને રોજ ચાલતા ચાલતા પણ કચરાને ઉઠાવી કચરાપેટીમાં નાખવાની સલાહ આપી હતી. ત્યારબાદ ઉપસ્થિત સૌએ રાષ્ટ્રને પ્લાસ્ટિક મુક્ત કરવાનો સંકલ્પ લીધો હતો. શ્રી રામચંદ્ર કોલેજના અધ્યાપકોએ પ્લાસ્ટિક મુક્ત કાગળની થેલી બનાવી હતી. જેના વિતરણનો શુભારંભ કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા દ્વારા થયો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલસચિવશ્રી ડૉ. હિરનેશ ભાવસાર, સિન્ડિકેટ સભ્ય શ્રી વિનોદભાઈ ગજેરા અને એમ.ટી.બી. કોલેજના આચાર્ય ડૉ. પાડવી, પ્રોફેસરો અને રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યકર્તા હાજર હતા. આ કાર્યક્રમમાં પાંચ કોલેજોએ ભાગ લીધો હતો. કાર્યક્રમની આભારવિધિ શ્રી મદનજીએ કરી હતી અને અંતે રાષ્ટ્રગાનથી કાર્યક્રમની સમાપ્તિ કરવામાં આવી હતી.
















## લકી ડ્રો : ટ્રાઈસીકલ

કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા દ્વારા દિવ્યાંગ બાળકોની માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા, ઉમરાના ૨૧ દિવ્યાંગ બાળકોને લકી ડ્રો દ્વારા ટ્રાઈસીકલ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ ૨ ઓકટોબર, ૨૦૧૯ના દિવસે ૧૫૦મી ગાંધી જયંતી નિમિત્તે થયો હતો.

કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ પોતાના પ્રાસંગિક વ્યકતવ્યમાં જણાવ્યું કે, ૨૧ વિદ્યાર્થીઓના નામ લકી ડ્રો થી કાઢવામાં આવ્યા હતા. પરંતુ વહેલી તકે આ શાળાના દરેક વિદ્યાર્થીને ટ્રાઈસીકલ આપવામાં આવશે. સાથે તેમણે શાળાની પ્રશંસા કરી હતી. એક રસ્તો બંધ થાય તો ભગવાન હંમેશા બીજો રસ્તો ખોલે છે. આ યુનિવર્સિટીનું ભાગ્ય છે કે એમને દિવ્યાંગ બાળકોની મદદ કરવાની તક મળી છે અને યુનિવર્સિટીનો પત્રકારત્વ વિભાગ દિવ્યાંગ ચેનલ સાથે જોડાઈને કામ કરશે એવું જણાવ્યું હતું.

આ અવસરે દિવ્યાંગ શાળાના સંસ્થાપક પદ્મશ્રી કનુભાઈ ટેલરે પોતાના ઉદ્‌બોધનમાં કહ્યું કે, કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ ૧૫૦મી ગાંધી જયંતીના દિવસે અંહી ઉપસ્થિત થઈને ટ્રાઈસીકલ વિતરણ કર્યુ જેના માટે હું તેમનો આભારી છું. આવી વ્યક્તિની ઉપસ્થિતિ આપણા માટે ખુશીની વાત છે. ટ્રાઈસીકલનું વિતરણ દાન નહિ પરંતુ વિદ્યાર્થીઓ માટેની અણમોલ ભેટ છે અને તે બદલ આભાર વ્યકત કર્યો હતો. તેઓ હંમેશા અમારી સંસ્થા સાથે જોડાઈ રહે એવી આશા વ્યકત કરી હતી. તેમને હું વિનંતી કરું છું કે તેઓ દર મહિને અહીં આવે અને અમારા બાળકોને પ્રોત્સાહિત કરે. તેમણે વધુમાં કહ્યું કે, દિવ્યાંગ ન્યુઝ સાથે યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓ જોડાય અને આ ચેનલ વધુ પ્રગતિ કરીને ઈન્ટરનેશનલ સ્તરે જાય એવી આશા વ્યકત કરી હતી.

કુલસચિવશ્રી ડૉ. હિરનેશ ભાવસારે કહ્યું કે, યુનિવર્સિટીના આ કાર્યથી બાળકોને ચોકક્સ લાભ થશે. સેનેટ સભ્ય શ્રી મયુરભાઈ ચૌહાણે કહ્યું કે, કનુભાઈએ પોતાના જીવનના ૩૫ વર્ષ દિવ્યાંગોની સેવા માટે સમર્પિત કર્યા છે અને દિવ્યાંગોના સર્વાંગી વિકાસ માટે જીવન ખપાવ્યું છે.

સિન્ડિકેટ સભ્ય શ્રી કિરણભાઈ ઘોઘારીએ કહ્યું કે, પ્લાસ્ટિક મુક્ત ભારતની પહેલમાં લોકો જોડાઈને સહયોગ આપે અને 'વન ટાઈમ' પ્લાસ્ટિકના વપરાશને બંધ કરે એ જરૂરી છે. ભારતના દરેક નાગરિકે સ્વચ્છતાની શરૂઆત પોતાનાથી કરવી જોઈએ જેથી બાપુનું સ્વપ્ન પૂરું થઈ શકે.

ગુજરાતી વિભાગના પ્રા. ડૉ. ભરતભાઈ ઠાકોરે કહ્યું કે, યુનિવર્સિટીના આ વિશેષ કાર્યક્રમના આયોજનથી ખરા

અર્થમાં આજે ગાંધી જયંતીની આપણે ઉજવણી કરી છે એવું લાગે છે. આ કાર્યક્રમમાં તેમને સહભાગી કરવા બદલ દરેકનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત દરેક વ્યક્તિ પાસેથી પ્લાસ્ટિક મુક્ત ભારતની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા અને કુલસચિવ ડૉ. હિરનેશ ભાવસારનું સ્વાગત ફૂલ, શાલ તથા મિમેન્ટો આપીને આવકાર્યા હતા.













## યુનિવર્સિટી ગ્રંથાલય

### ગ્રંથ પ્રદર્શનઃ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સાર્ધશતાબ્દિની ઉજવણી પ્રસંગે યુનિવર્સિટીના મહાત્માં ગાંધી ગ્રામ્ય અભ્યાસ વિભાગ ધ્વારા યુનિવર્સિટીના સોશ્યોલોજી અનુસ્નાતક વિભાગમાં યોજવામાં આવેલ પ્રદર્શનીમાં યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા ૧૯૪ ગ્રંથોનું પ્રદર્શન પ્રસ્તુત કરવામાં આવ્યું.

### ગ્રંથ પ્રદર્શનઃ

રાષ્ટ્રપિતા મહાત્માગાંધીની સાર્ધશતાબ્દિની ઉજવણી પ્રસંગે યુનિવર્સિટી ગ્રંથાલયમાં તા. ૨૮/૯/૨૦૧૯ થી તા. ૨/૧૦/૨૦૧૯ દરમ્યાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સંબંધિત 'ગાંધી સાહિત્ય'નું પ્રદર્શન.



## ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ

### ગ્રંથ સમીક્ષા

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સાર્ધશતાબ્દિની ઉજવણી પ્રસંગે બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સના ૧૭ વિદ્યાર્થીઓ અને માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સના ૨૩ વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રપિતા મહાત્માં ગાંધીના ગ્રંથોનું વાંચન કરીને કુલ ૪૦ ગ્રંથોની સમીક્ષા લખવામાં આવી હતી.



### સ્વચ્છતા

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સાર્ધશતાબ્દિની ઉજવણી પ્રસંગે બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફરમેશન અને માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સના વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી ગ્રંથાલયના સ્ટેકરૂમની તા. ૨૮/૯/૨૦૧૯ના રોજ સ્વચ્છતા કરવામાં આવી.

### ચિત્રસ્પર્ધા

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના મુલાકાતી વ્યાખ્યાતા શ્રી પ્રવીણભાઈ બી. પટેલના માર્ગદર્શન તળે મહાત્માં ગાંધી જન્મ જયંતી પ્રસંગે બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સના વિદ્યાર્થીઓ દ્વારા 'ગાંધી જીવન કવન' પર ચિત્રસ્પર્ધામાં પોતાની કૃતિઓ રજૂ કરી હતી.






### જાહેર સેવાઓ અંગેના નાગરિકોના અધિકાર અધિનિયમ અને "RTI ACT"નો તાલીમ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા જાહેર સેવાઓ અંગેના નાગરીકોના અધિકાર અધિનિયમ અને માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫માં આવતી જોગવાઈઓનાં યોગ્ય અમલીકરણ અને અનુપાલન અર્થે તા. ૨૩–૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ તાલીમ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટના HRD વિભાગમાં કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને સરદાર પટેલ લોક પ્રકાશન સંસ્થાના સંયુકત ઉપક્રમે આયોજીત તાલીમ કાર્યક્રમમાં કુલપતિ ડૉ. શિવેન્દ્ર ગુપ્તા, કુલસચિવ ડૉ. હિરનેશ ભાવસાર, નાયબ કુલસચિવો, પરીક્ષા નિયામક, વિવિધ વિભાગના વડાશ્રીઓ, સરકારી Grant in Aid કોલેજોના આચાર્યશ્રીઓ અને વહીવટી કર્મચારીઓએ હાજરી આપી હતી અને જેમની ભૂમિકા વિદ્યાર્થી ચાર્ટરની રચના કરવામાં તેઓનો ભાગ નિર્ણાયક છે.

સમારોહ દરમ્યાન મુખ્યઅતિથિ કુલપતિ ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ નાગરિકના વિવિધ અધિકારો અને RTI ACTના મહત્વવિશે અને તેમના અમલીકરણ માટે પ્રોત્સાહન અને આહવાન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમમાં વિષય નિષ્ણાંત તરીકે કુલસચિવ ડૉ. હિરનેશ ભાવસારે તાલિમનાં પ્રથમ દિવસે જાહેર સેવાઓ અંગેના નાગરિકોનો અધિકાર અધિનિયમની કલમોના અર્થઘટન અને તેની વિશેષતા વિશે વિગતવાર તલસ્પર્શી તાલીમ આપી હતી. ડૉ. હિરનેશ ભાવસારે તાલીમના બીજા દિવસે માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ વિશે ઝીણવટપૂર્વકની તાલીમ આપી હતી. તાલીમ આપતા ડૉ. હિરનેશ ભાવસારે જણાવ્યું હતુ કે, આ કાયદાઓને ભારતના આઝાદી પછીના Silent Revolution તરીકે ગણવામાં આવે છે. આ કાયદાની જોગવાઈ હેઠળ કોઈપણ નાગરિક "જાહેર સતાઅધિકારી" પાસેથી માહિતીની માંગ કરી શકે છે અને તેમને ૩૦ દિવસના ગાળામાં તેમણે જવાબ આપવો જરૂરી છે. આ કાયદાનો લક્ષ્ય સમાજમાં સુશાસનમાં પારદર્શિતા, જવાબદારી અને પ્રતિભાવ સ્થાપવાનો છે.

ડૉ. ભાવસારે આ કાયદાની રચના કાર્યક્ષેત્ર, માહિતી, પ્રક્રિયા, સરકારની ભૂમિકા, નિયમો બનાવવાની સતા, કાયદાને લાગુ પડતી વખતે સમસ્યાઓ સાથે કામ પાર પાડવાની સતા અને કાયદાની અસરો વિશે ઉદાહરણો સાથે ૨૦૦ થી વધારે તાલીમાર્થીને તાલીમ આપી હતી.

કાર્યક્રમના અંતે સહભાગીઓએ પ્રશ્નોતરી કરીને કાયદા વિશેની સમજણ સ્પષ્ટ કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. ભાવેશ વાનપરીયાએ કર્યુ હતુ.











## ભૈતિકશાસ્ત્ર વિભાગ

### ઈન્ટર કોલેજ તીરંદાજી (આર્ચરી) સ્પર્ધા રનર્સ અપ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઈન્ટર કોલેજ તીરદાજી (આર્ચરી) સ્પર્ધાનું આયોજન આર્ટ્સ અને કોમર્સ કોલેજ વ્યારામાં તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ કરવામાં આવેલ હતું જેમાં કુલ સાત કોલેજોએ ભાગ લીધો હતો. જેમાં ભૈતિકશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટીમે કુલ ૫૦૩ પોઈન્ટ મેળવી રનર્સ–અપ રહી હતી. જેમાં પવાર મેહુલ, ભોયા જય, ચૌધરી ધવલ, રાય શશાંક ટીમ મેમ્બર હતા. જેમાં પવાર મેહુલ ૨૭૭ પોઈન્ટ સાથે વ્યકિતગત ચેમ્પીયન રહી યુનિવર્સિટી ટીમમાં પસંદગી થયેલ છે. જેમને ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી કોમ્પિટશિન, ભૂવનેશ્વર ખાતે યોજાનાર છે, તે માટે પસંદગી થયેલ છે. આમ, ખેલાડીની આ સિધ્ધિ બદલ વિભાના વડાશ્રી ડૉ. કે. સી. પોરીયાએ અભિનંદન પાઠવ્યા હતા.



## એન.એસ.એસ. અને બાયોટે ક્નોલોજી વિભાગ

### સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આહવાન "સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ"ને આગળ ધપાવવા "વૃક્ષારોપણ" કાર્યક્રમનું આયોજન તા. ૧૭/૦૯/૨૦૧૯ના રોજ બપોરે

૧૨:૦૦ કલાકે યુનિવર્સિટીના બાયો ટેકનોલોજી સેમિનાર હોલ ખાતે થયું હતું જેમાં One Tree My Responsibility હેઠળ ૩૭૦ પિપળા અને ૩૫ વડનાં વૃક્ષો રોપવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં દરેક વિદ્યાર્થીએ એક વૃક્ષ દત્તક લીધું હતું અને વિદ્યાર્થી જયાં સુધી યુનિવર્સિટીમાં અભ્યાસ કરશે ત્યા સુધી વૃક્ષનું જતન કરશે તેવો સંકલ્પ લીધો.

આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ પર્યાવરણ અને તેની જાળવણી વિષે મુખ્ય ઉદ્બોધન આપ્યુ હતું. પર્યાવરણએ માનવજાતિનું અભિન્ન અંગ છે જેથી તેની જાળવણી અને તેનું જતન એ ખૂબ જ આવશ્યક છે. જો પર્ણાવરણ બિમાર પડયું તો માનવજાતિ સંકટમાં આવી જશે જેથી દરેક વિદ્યાર્થીએ એક વૃક્ષ વાવીને મોટું કરવું. કાર્યક્રમમાં સિન્ડિકેટ સભ્યશ્રીઓ ડૉ. કેતન દેસાઈ અને શ્રી સંજય લાપસીવાળા, હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રકાશચંદ્ર, આસિસ્ટન્ટ પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર, રાષ્ટ્રીય સેવા યોજના અને ડૉ. રેખાબેન ગઢવી, પ્રોગ્રામ ઓફિસર, બાયો ટેકનોલોજી વિભાગે કર્યુ.











## બૂટ કેમ્પ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસરમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટઅપ અને ઉદ્યોગ સાહસિકતાના ગુણોનો વિકાસ થાય તે હેતુથી યુનિવર્સિટીના Student Start-up and Innovation Policy (SSIP) અને Start-up and Entrepreneurship Council (SEC)ના સંયુકત ઉપક્રમે એક દિવસીય બૂટકેમ્પનું ઉદ્દઘાટન યુનિવર્સિટીના કન્વેશન હોલમાં તા. ૨૧/૦૯/૨૦૧૯ના રોજ થયું હતું.

આ કાર્યક્રમનું ઉદ્દઘાટન મુખ્ય અતિથિશ્રી શોભિત માથુર (એકઝેકયૂટિવ ડાયરેકટર, વિઝન ઈન્ડિયા ફાઉન્ડેશન) દ્વારા કરવામાં આવ્યું હતું. તેમના પ્રાસંગિક વકતવ્યમાં શ્રી શોભિત માથુરે કહ્યું કે, ભારત અત્યારે અર્થતંત્રના સંદર્ભમાં ઐતિહાસિક પરિવર્તનના તબક્કા ઉપર છે અને સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ભારતીય ઉદ્યોગનું મોડલ વિશિષ્ટ છે કારણ કે એમાં આપણી પરિવાર પદ્ધતિ અને સમાજ–જાતિનો સહાય કેન્દ્રમાં છે. ઉપરાંત ભારતમાં પરિવારોમાં પૈસાની બચતનું પ્રમાણ વધારે છે અને પોતાના ઉદ્યોગ શરૂ કરવા માટે વ્યકિતને પરિવારજનો પાસે મૂડી મળી રહે છે. આપણી સંસ્કૃતિમાં ઉદ્યોગ વિશ્વાસ ઉપર ચાલે છે. જે પાશ્ચાત્ય દેશોમાં નથી. ભારતના ઉદ્યોગ પ્રણાલી નીતિશાસ્ત્ર ઉપર ચાલે છે, જે આપણા ધર્મના સિધ્ધાંતોથી પ્રેરિત છે.

ઈ.સ. ૧૮૦૦ સુધી ભારતની GDP વિશ્વમાં સૌથી વધારે હતી. ભારતનો દરેક જીલ્લો પોતાની વિશેષ વસ્તુઓ માટે પ્રસિદ્ધ હતો પરંતુ અંગ્રેજ શાસનકાળમાં આપણા ઉદ્યોગો

પર ઘણી અસર થઈ હતી. આંકડા આપતા એમણે કહ્યું કે, ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા ૫૯ % કર વસૂલવામાં આવતું હતું. આજે પણ ભારત ઉદ્યોગ ક્ષેત્રમાં અગ્રેસર છે. અમેરિકાના ૮૦ % મોટલ ભારતીયો દ્વારા ચલાવવામાં આવે છે, સુરતમાં રૂા. ૮૦,૦૦૦ કરોડનો હીરા ઉદ્યોગ છે અને અમેરિકાના સોફટવેર ઉદ્યોગના CEO અને ઈન્જિનિયર ભારતીય મૂળના છે.



કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ અધ્યક્ષીય વકતવ્યમાં જણાવ્યું કે, ભારત ઉદ્યોગપતિઓની ભૂમિ છે. ભારત દુનિયાની સૌથી અગ્રેસર સભ્યતાઓમાં સામેલ હતું અને ભારતીય ઈતિહાસમાં હડપ્પાકાલથી ઉદ્યોગોની માહિતી મળે છે.

ભારતની સમૃદ્ધિ અને ઉદ્યોગથી યુરોપિયન લોકો આકર્ષાયા હતા. ભારતીય ઉદ્યોગોપતિઓએ પોતાનો ઉત્સાહ અંગ્રેજોના સામ્રાજ્ય દરમિયાન પણ જાળવી રાખ્યો હતો. શ્રી જે.આર.ડી.ટાટા, શ્રી ઘનશ્યામદાસ બિરલા, શ્રી લાલા શ્રીરામ, શ્રી બદ્રિ પ્રસાદ ગોયંકા અને શ્રી જમના લાલ બજાજ તેનાં ઉદાહરણો છે.

ઈ.સ. ૧૯૯૦માં ભારતમાં ઉદારીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકીકરણ લાગુ થયું. ત્યારે નવી સદીના ઉદ્યોગપતિઓ જેમ કે શ્રી રતન ટાટા, શ્રી નારાયણ મૂર્તિ, શ્રી એમ.એસ.ઓબેરોય, શ્રી આદિ ગોદરેજ, શ્રી ધીરુભાઈ અંબાણી, શ્રી અજીમ પ્રેમજી, શ્રી ઉદય કોટક, શ્રી આનંદ મહેન્દ્ર જેવા ઉદ્યોગપતિઓ ભારતીય ઉદ્યોગોને વૈશ્વિક સ્તર પર લઈ ગયા. આ ઉદ્યોગો અત્યારે એમેઝોન, એપલ જેવા આંતરરાષ્ટ્રીય ઉદ્યોગો સાથે સ્પર્ધા કરી શકે છે. આજે આપણે ફિલપકાર્ટ, પેટીએમ, ઓલા કેબ્સ, મેક માય ટ્રિપ, ઓયો રૂમ્સ જેવા અનેક ઉદ્યોગો શરૂ થયા છે, જે પહેલા નાનાં સ્ટાર્ટઅપ હતા. સ્ટાર્ટઅપને સહાય આપવાનું કેન્દ્ર સરકાર અને રાજય સરકારનું નીતિઓનું મહત્વનું અંગ છે. એમાં સરકાર આર્થિક સહાય પણ આપે છે.

ભારત એક એવો દેશ છે જયાં ઘણાં બધાં નવાં ઉદ્યોગોની શરૂઆત થઈ રહી છે. આ કેમ્પથી યુનિવર્સિટી પણ એમાં પોતાનું યોગદાન આપી રહી છે.

કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ડૉ. આરતીબેન રાજ્યગુરુએ આપ્યું હતું. જેમાં એમણે આ એક દિવસીય બૂટકેમ્પની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો હતો. આ બૂટકેમ્પ માટે આવનાર નિષ્ણાંતો દ્વારા વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપનું રજીસ્ટ્રેશન, સરકારી અનુદાન વિશે માહિતી તથા વિદ્યાર્થીઓના પ્રશ્નો વિષે માર્ગદર્શન આપવામાં આવશે. આ કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓને પોતાના ઉદ્યોગો શરૂ કરવા માટે માહિતી લક્ષી ટૂલકિટનું અનાવરણ કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરાંત ૧૨૦ ક્રેડીટવાળું ઈનોવેશન ઈન્ટેલેક્યૂએલ પ્રોપર્ટી રાઈટ્સ, સ્ટાર્ટઅપ એન્ડ એંટરપ્રીનીઓરશીપ વિશે સર્ટિફિકેટ કોર્ષની જાહેરાત કરવામાં આવી હતી. આ કોર્ષ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવશે. SSIPના કો–ઓર્ડિનેટર ડૉ. પ્રવીણ દૂધાગરાએ બૂટકેમ્પનો પરિચય આપ્યો હતો. સર્ટિફિકેટ કોર્ષના કો–ઓર્ડિનેટર શ્રી રાજેશ પટેલે આ કોર્ષનો પરિચય આપી વધુમાં એમણે જણાવ્યું કે, આ કોર્ષ કુલ ૧૨૦ કલાકનો છે જેમાં કલાસરૂમ ટીચિંગની સાથે પ્રેક્ટિકલ અને પ્રોજેકટનો પણ સમાવેશ થાય છે.

આ પ્રસંગે કુલસચિવશ્રી ડૉ. હિરનેશકુમાર ભાવસારે આભારવિધિ કરતાં કહ્યું કે બૂટકેમ્પ ડાયનેમિક છે, અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવાનું માધ્યમ છે.

કાર્યક્રમ ચાર સત્રોમાં વહેંચાયેલું હતું, જે પૈકી પ્રથમ સત્રમાં DICમાં કાર્યરત સુશ્રી રીયા મોટવાણીએ ગુજરાત સરકારની માઈક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝની ઔદ્યોગિક યોજનાઓ વિશે માહિતી આપી હતી. તેમણે ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં ઉત્પાદન સેવા તથા વેપારક્ષેત્રમાં સ્ટાર્ટઅપને લગતી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી, ૨૦૧૫ અંતર્ગતની પેટન્ટ, રજીસ્ટ્રેશન, ઉર્જા સંરક્ષણ, ઔદ્યોગિક તાલીમ, માર્કેટિંગ, આંતરમાળખાકીય સવલતો જેવી વિવિધ જરૂરિયાતો માટેની યોજનાઓ વિષે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે અલગ–અલગ ઉદ્યોગમાં સબસિડી તથા લોન અને તેમાં પણ ગ્રામીણ શહેરી ક્ષેત્રે, જાતિ, વય તથા લિંગના આધારે જે આરક્ષણ મળે છે તે બાબતે વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. તેમણે ગુજરાત સરકારની ઔદ્યોગિક વેબ પોર્ટલ પરથી વિવિધ માહિતી તથા લાભ મેળવવા માટેની રજીસ્ટ્રેશન પ્રક્રિયા પણ જણાવી હતી. કાર્યક્રમના બીજા સત્રમાં ફાઈનાન્શિયલ પ્લાનર તથા ઈન્ક્યૂબેશન ઓફિસરશ્રી જયકુમાર જોશીએ સ્ટાર્ટઅપને લગતી ઈન્ક્યૂબેશન પ્રોસેસ વિશે વિગતવાર ચર્ચા કરી હતી તથા બિઝનેશમાં ઈન્ક્યુબેશનના ખ્યાલનાઉદ્દભવની તથા અર્થની ચર્ચા કરી, તેની અનિવાર્યતા તથા પ્રક્રિયા બાબતે માર્ગદર્શન પૂરું પાડયું.

ત્રીજા સત્રમાં વિદ્યાર્થીને નવો વ્યવસાય ચાલું કરવામાં પડતી તકલીફો જેવી કે નાણાકીય સહાય, માર્ગદર્શનનો અભાવ, જગ્યાનો અભાવ વગેરેની ચર્ચા કરી હતી. અને વ્યવસાય ચાલુ કરવા માટે સરકાર દ્વારા ૨ (બે) લાખ સુધીની સહાય અને પેટન્ટ બનાવવા માટે ૨૫ હજાર સુધીની સહાય મળે છે એવી જાણકારી આપવામાં આવી હતી.

ચોથા સત્રમાં કૃપાલસિંહ ડાલીએ વિદ્યાર્થીઓને ઈન્વેન્શન, પેટેન્ટની માહિતી આતી હતી અને ટ્રેડ માર્ક, કોપીરાઈટ્સ, ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઈન વિશે સમજાવ્યું હતું.

આ કાર્યક્રમના સમાપન સમારંભ સાંજે રાખવામાં આવ્યો હતો જેમાં શ્રી શોભિત માથૂર (એકઝેક્યૂટીવ ડાયરેકટર, વિઝન ઈન્ડિયા ફાઉન્ડેશન, નવી દિલ્લી) મુખ્ય મહેમાન તરીકે હાજર હતા. એમના વકતવ્યમાં શ્રી શોભિત માથૂરે કહ્યું કે, સરકાર સબસિડી આપવામાં સહાયક થાય છે તો સામે યુવાઓએ ઉત્સાહ બતાવવો જોઈએ. કેવળ ઉચ્ચ ટેકનોલોજીનો ઉપયોગ જ નહીં પરંતુ Best Out of Waste પણ કરી શકાય છે. સ્ટાર્ટઅપ દરમ્યાન ભારતીયતાનો વિચાર કરવો મહત્વની વાત છે. કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ સભાગૃહમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ પોતાના ભાવિ જીવનમાં કઈ રીતે સમૃદ્ધિ ભરી શકે તેના પર ભાર મૂકયો હતો. તેમણે કહ્યું કે સ્વપ્નોની કિંમત ના માંગતા તેને પૂર્ણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. ત્યાર બાદ સેલ્ફ ઈનોવેટિવ એકિટવિટીમાં વિજેતાઓને પ્રમાણપત્ર વહેંચાયા હતા. કાર્યક્રમના અંતે કુલસચિવશ્રી ડૉ. હિરનેશકુમાર ભાવસારે આભારવિધિ કરી.
























## કમ્પ્યૂટર સાયન્સ વિભાગઃ સેમિનાર






વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા તા. ૨૦/૯/૨૦૧૯ના રોજ "You have the Power to Disrupt the IT Industry" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શ્રી સુનિલ કે. પ્રસાદ (Vice President of Health Care and Emerging Technologies Department of USA Federal Organization, USA)ને વક્તા તરીકે આમંત્રિત કરવામાં આવેલ હતા. જેમણે ઉપરોક્ત વિષય પર વિસ્તૃત છણાવટ કરી હતી, જેમાં કોમ્પ્યૂટર ટેકનોલોજીને લગતા હાલના વિષયો ઉપર ચર્ચા કરી હતી અને ભવિષ્યની તકો વિષે માર્ગદર્શન આપ્યું હતું તથા વિદ્યાર્થીઓ સાથે સવાલ જવાબોની આપ–લે થઈ હતી. તમામ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## કોલેજ ન્યૂઝ

### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

#### સ્પર્ધા

૧. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૯–૦૮–૨૦૧૯ના રોજ સપ્તધારા સર્જનાત્મક અભિવ્યકિત ધારા અંતર્ગત આંતર કોલેજ દેશ ભકિત ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે લાયન ડૉ. મેહુલ બી.શાહ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી બિનીતાબેન શ્રોફ, શ્રી દિપ્તીબેન પુરોહિત હાજર રહ્યા હતા.

સમારંભની શુભ શરૂઆત પ્રિયંકા યાદવે પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યું હતું. સ્પર્ધાનો પરિચય પ્રા. હર્ષદ પટેલે કરાવ્યો હતો. નિર્ણયકોનો પરિચય પ્રા. ચિરાગ સિધ્ધપુરીયાએ કરાવ્યો હતો. આભારવિધિ પ્રા. વિજયભાઈ ચૌધરીએ કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. કુલ ૩૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ એમ.ટી.બી. આર્ટ્સ કોલેજના જેનિશ સુરતી, દ્વિતીય ક્રમે શ્રીમતી જી.એન.પંડયા કોમર્સ એન્ડ સાયન્સ કોલજના ભૂમિકા જોષી અને વી.બી.શાહ કોલેજના શ્રેયા જૈન, તૃતીય ક્રમે વી.બી.શાહ કોલેજના કેવલ જેઠવા તેમજ સ્કોપા કોલેજના તનય ગામિત વિજેતા જાહેર થયા હતા.



૨. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૦–૦૮–૨૦૧૯એ આંતર કોલેજ ગુજરાત કવિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે લાયન ડાં. મેહુલ બી. શાહ, લાયન ચિરાગ સિધ્ધપુરિયા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રાત્સાહિત કર્યા હતા.

સમારંભની શુભ શરૂઆત પ્રિયંકા યાદવે પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડાં. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. સ્પર્ધાનો પરિચય પ્રા. ડાં. સેજલ દેસાઈએ કરાવ્યો હતો. મહેમાનોનો અને નિર્ણયકોનો પરિચય પ્રા. મનિષ ટેલરે કરાવ્યો હતો. આભારવિધિ પ્રા. ડાં. મયંક સોઢાએ કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. કુલ ૪૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજના ગાંગાણી મોહિત આર. અને કારાંગીયા દિવ્યેશ વી., દ્વિતીય ક્રમે કે.પી.કોમર્સ કોલેજના કાતરિયા ભાવિક અને ભરવાડ સંજય, તૃતીય ક્રમે બી.કે.એમ.સાયન્સ કોલેજના સરોડે મુસ્કાન અને ગામિત અંકુર વિજેતા જાહેર થયા હતા. ઈનામ વિતરણમાં ગુજરાતી મુવી "ટીચર્સ ઓફ ધ યર"ના અભિનેતા સૌનક વ્યાસ, અલિશા પ્રજાપતિ અને જશ ઠક્કર હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.






૩. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૧–૮–૨૦૧૯એ આંતર કોલેજ રંગ કલા કૌશલધારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે લાયન ડૉ. મેહુલ બી. શાહ, લાયન ચિરાગ સિધ્ધપુરિયા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રાત્સાહિત કર્યા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી કુનાલ ઝવેરી, શ્રી ઉત્તમભાઈ પ્રજાપતિ હાજર રહ્યા.

સમારંભની શુભ શરૂઆત ટાંક દર્શના અને સોલંકી માનસીએ પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડાં. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. સ્પર્ધાનો પરિચય પ્રા. જીતેન્દ્ર વાછાણીએ કરાવ્યો હતો. મહેમાનોનું અને નિર્ણાયકોનો પરીચય પ્રા. જીતેન્દ્ર વાછાણીએ કરાવ્યો હતો. આભારવિધિ પ્રા. ડાં. મયંક સોઢાએ કરી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. કુલ ૪૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે વનીતા વિશ્રામ વુમન્સ કોલેજ ઓફ કોમર્સના રાધા એન. માટલીવાલા, દ્વિતીય ક્રમે ચીખલી કોલેજના નિરવ એમ. પ્રજાપતિ અને વી.બી.શાહ કોલેજ અમરોલીના ધ્રુવિકા ડી. નાવડીયા તેમજ તૃતીય ક્રમે સાસ્મા કોલેજના ક્રિષ્ના વી. જૈન અને પ્રાચી એ. જાદવ વિજેતા જાહેર થયા હતા.





૪. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૩–૦૮–૨૦૧૯એ સપ્તધારા–જ્ઞાનધારા અંતર્ગત શ્રી રામવન ટ્રસ્ટ પુરસ્કૃત આંતર કોલેજ પર્યાવરણ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે લાયન ડાં. મેહુલ બી. શાહ, લાયન ચિરાગ સિધ્ધપુરિયા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકેશ્રી પ્રિ. કલ્પનાબેન દેસાઈ, શ્રી સંજયભાઈ બોસામીયા, પ્રિ. દિલીપભાઈ પરમાર હાજર રહ્યા હતા.

સમારંભની શુભ શરૂઆત ટાંક દર્શના અને સોલંકી માનસીએ પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડાં. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. સ્પર્ધાનો પરિચય પ્રા. હર્ષદભાઈ પટેલે કરાવ્યો હતો. મહેમાનોનું અને નિર્ણાયકોનો પરીચય પ્રા. ભરતભાઈ એન. પટેલે કરાવ્યો હતો. આભારવિધિ પ્રા. કમલેશ એન. સાવલિયાએ કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. કુલ ૨૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ એસ.પી.બી. ઈંગ્લિશ મિડીયમ કોલેજ ઓફ કોમર્સના ઘટા એચ.શાહ, દ્વિતીય ક્રમે શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના દિવ્યા બી. ઢિંમર તેમજ જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના પ્રિતી આર.શાહ તૃતીય ક્રમે બી.કે.એમ.સાયન્સ કોલેજ વલસાડના શિવાની જે. પટેલ અને શ્રીમતી પી.એન.પટેલ કોલેજ, ઉમરાખના તન્વીકુમારી આર. મિસ્ત્રી વિજેતા જાહેર થયા હતા.



**૫.** જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૭–૦૮–૨૦૧૯એ સપ્તધારા–જ્ઞાનધારા અંતર્ગત શીઘ્રવક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે લાયન ડૉ. મેહુલ બી. શાહ, લાયન ચિરાગ સિધ્ધપુરિયા અને શ્રી પંકજભાઈ બારડ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી આશાબેન પારેખ અને શ્રી રિતેશભાઈ અગ્રવાલ હાજર રહ્યા હતા.

સમારંભની શુભ શરૂઆત પ્રિયંકા યાદવે પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડાં. કે.એન.ચાવડાએ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. સ્પર્ધાનો પરિચય પ્રા. સી. યુ. નાયકે કરાવ્યો હતો. મહેમાનોનું અને નિર્ણાયકોનો પરિચય પ્રા. કે.એન.સાવલિયાએ કરાવ્યો હતો. આભારવિધિ પ્રા. સી. યુ. નાયકે કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. કુલ ૨૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ એસ.પી.બી. ઈંગ્લિશ મિડીયમ કોલેજ ઓફ કોમર્સના મહાવીર ડી. રાયકા, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના શકિત આર.પાઠક અને કે.પી.કોમર્સ કોલેજના પંકજ ડી. વાલા અને તૃતીય ક્રમે જે.ઝેડ.શાહ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના પ્રિતી આર. શાહ અને આર.વી.પટેલ કોલેજના નૈમિશ બી. બારિયા વિજેતા જાહેર થયા હતા.



**૬.** જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના વિદ્યાર્થીઓ તા. ૦૮–૦૯–૨૦૧૯ના રવિવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ઈન્ડોર હોલ ખાતે યોજાયેલ ગુજરાત રાજય વેઈટલીફટીંગ (જુનિયર ભાઈઓ–બહેનો) સ્પર્ધામાં કોલેજના ખેલાડીઓ વિજેતા બનીને કોલેજનું ગૌરવ વધાર્યુ છે. વિજેતાઓને જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના આચાર્યશ્રી પ્રિ.ડાં.કે.એન.ચાવડા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. કોલેજના શારિરીક શિક્ષણ વિભાગના ડિરેકટર ડૉ. રૂસ્તમ એન. સદરીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. ઉપરોકત વિજેતાઓને ઈનામ વિતરણમાં મેમેન્ટોથી નવાજવામાં આવશે.

| ક્રમ | નામ–વર્ગ–રોલ નં. | મેડલ | વજન ગૃપ |
|---|---|---|---|
| ૧ | શ્રી અક્ષય સી. બલદાણીયા<br>બી.કોમ. સેમ.–૩, રોલ નં.–૨૦૦૯ | સિલ્વર | ૫૫ કિ.ગ્રામ |
| ૨ | શ્રી કુલદીપ આર. ગુપ્તા<br>બી.કોમ. સેમ.–૩, રોલ નં.–૧૯૫૧ | ગોલ્ડ | ૬૧ કિ.ગ્રામ |
| ૩ | શ્રી અવનિશ ડી. તિવારી<br>બી.કોમ. સેમ.–૩, રોલ નં.–૨૧૨૨ | ગોલ્ડ | ૭૩ કિ.ગ્રામ |
| ૪ | શ્રી જય પી. વાદડોરિયા<br>બી.કોમ. સેમ.–૩, રોલ નં.–૧૭૧૯ | સિલ્વર | ૭૩ કિ.ગ્રામ |
| ૫ | શ્રી ચેતન વી. સતીયા<br>બી.કોમ. સેમ.–૨, રોલ નં.–૨૦૮ | સિલ્વર | ૮૧ કિ.ગ્રામ |
| ૬ | શ્રી રાજેષ એસ. શાહુ<br>બી.કોમ. સેમ.–૫, રોલ નં.–૨૯૭૮ | ગોલ્ડ | ૯૬ કિ.ગ્રામ |
| ૭ | કુ. શ્રુતિ એન. વાઢેર<br>બી.કોમ. સેમ.–૩, રોલ નં.–૧૮૧૬ | ગોલ્ડ | ૭૧ કિ.ગ્રામ |
| ૮ | કુ. તન્વી કે. સુતરીયા<br>બી.કોમ. સેમ.–૩, રોલ નં.–૬૭૯૨ | સિલ્વર | ૫૫ કિ.ગ્રામ |
| ૯ | કુ. હરમિસા આર. શેલડીયા<br>બી.કોમ. સેમ.–૩, રોલ નં.–૬૭૬૬ | બ્રોન્ઝ | ૫૫ કિ.ગ્રામ |

૭. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના વિદ્યાર્થીઓ તા. ૦૯–૦૯–૨૦૧૯ના સોમવારના રોજ એસ.એસ.અગ્રવાલ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી ખાતે યોજાયેલ આંતર કોલેજ કુસ્તી (ભાઈઓ) સ્પર્ધામાં બી. કોમ. સેમ.–૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી યસ વી. પાટીલે ૫૭ કિ.ગ્રામ વજનગૃપમાં બ્રોન્ડ મેડલ તેમજ બી.કોમ. સેમ.–૩ના વિદ્યાર્થીશ્રી અવનિશ ડી. તિવારીએ ૭૪ કિ.ગ્રામ વજન ગૃપ્તા બ્રોન્ડ મેડલ મેળવીને કોલેજનું ગૌરવ વધાર્યુ છે. વિજેતાઓને જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના આચાર્યશ્રી પ્રિ.ડૉ.કે.એન.ચાવડા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. કોલેજના શારિરીક શિક્ષણ વિભાગના ડિરેક્ટર ડૉ. રૂસ્તમ સદરીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. ઉપરોક્ત વિજેતાઓને ઈનામ વિતરણમાં મેમેન્ટોથી નવાજવામાં આવશે.

## ઉજવણી

૧. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૩–૦૮–૨૦૧૯ના રોજ જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહી ઉત્સવનો આનંદ માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના જી.એસ.ભનુ ભરવાડે આચાર્યશ્રી ડૉ. કે.એન. ચાવડાના માર્ગદર્શનમાં કર્યુ હતું. વિદ્યાર્થીઓએ રાધા અને કૃષ્ણના વેશ ધારણ કરી ધાર્મિક રંગે રંગાયા હતા. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. કોલેજના શૈક્ષણિક અને વહીવટી સભ્યો, એન.એસ.એસ.અને એન.સી.સી.ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



૨. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૯–૦૮–૨૦૧૯ને ગુરૂવારના રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશ વ્યાપી ફીટ ઈન્ડિયા મુવમેન્ટ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. જેમાં ૨૨૫૦ વિદ્યાર્થીઓએ તેમજ ૬૬ જેટલા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ દ્વારા ડીડી નેશનલ ટીવી ઉપર લાઈવ પ્રસારણ નિહાળ્યું. જેમાં કોલેજના એન.એસ.એસ. કો–ઓર્ડિનેટર પ્રા. આર.ડી.રાણા તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. તેમજ ફીટ ઈન્ડિયાના સપથ લીધા હતા. આવનારા સમયમાં કોલેજ દ્વારા સંસ્થાકીય ફીટનેશ પ્લાન બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ અમરોલી કોલેજના આચાર્ય ડૉ.કે.એન.ચાવડા, વહીવટી પરિવાર તેમજ વિદ્યાર્થીમિત્રોએ સફળતાપૂર્વક સંચાલન કર્યુ હતું.









## વ્યાખ્યાન

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા.૧૯–૦૮–૨૦૧૯ના રોજ પર્યાવરણવિદ્ અંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી ભરતભાઈ મકવાણા હાજર રહી વિદ્યાર્થીઓને પર્યાવરણ અંગે સમજ આપી હતી. તેમજ પર્યાવરણ બગડવાથી તમામ નાગરિકોને પુર, ગરમી અને કુદરતી પદાર્થોનું સંકલન અને સંતુલન બગડવાથી થતું નુકશાન અંગેની જાણકારી આપી હતી. તેમણે સ્વચ્છતા અભિયાન, પ્લાસ્ટિક ફ્રી ભારત અભિયાન ઉપર વિદ્યાર્થીનીઓ સાથે ચર્ચા કરી તે અંગે માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. બી.એન.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ અમરોલી કોલેજના આચાર્ય ડાં. કે.એન.ચાવડા, વહીવટી પરિવાર તેમજ વિદ્યાર્થીમિત્રોએ સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું.





## માર્ગદર્શન

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૦–૦૮–૨૦૧૯ને મંગળવારના રોજ સામાજીક મૂલ્યો અંગે આદરણીય ઉદ્યોગપતિ અને સમાજ સેવક શ્રી ગોવિંદ ધોળકિયાજીનો માર્ગદર્શન શિબિર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી ગોવિંદ ધોળકિયાજી હાજર રહી ૫૦૦ વિદ્યાર્થીઓને સામાજીક મૂલ્યોના મહત્વ અંગે સમજ આપી હતી. તેમણે ગીતા અને બીજા ધાર્મિક પુસ્તકો તેમજ બીજા ધર્મગુરૂઓના ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને સારૂ જીવન જીવવાની કળા શીખવી હતી. કોલેજના વિદ્યાર્થીઓએ ગોવિંદકાકા સાથે તેમની સફળતા તેમજ તેમની જીવન જીવવાની શૈલી વિશે પ્રશ્નોત્તરી કરી હતી. કોલેજના આચાર્યશ્રી ડાં.કે.એન.ચાવડાએ ગોવિંદકાકાનું પુસ્તક આપી સ્વાગત કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડાં. ઝંખના પરમારે કર્યુ હતું. અમરોલી કોલેજના સ્ટાફ સભ્યો, શૈક્ષણિક અને વહીવટી સભ્યો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





## ઈનામ વિતરણ

તા. ૩૦–૦૮–૨૦૧૯ને બપોરે ૧૨:૦૬ કલાકે જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓના તેજસ્વી, પ્રતિભાશાળી તથા ઉલ્લેખનીય સિધ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થી ભાઈ–બહેનોનો ઈનામ વિતરણ સમારંભમાં જીવન જયોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને સહ મંત્રીશ્રી અનુજભાઈ શાહ એસ.પી.બી.શાળાના આચાર્યશ્રી કલ્પનાબેન દેસાઈ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મુખ્ય મહેમાનશ્રી જીવન જયોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહે અમરોલી કોલેજની તમામ પ્રકારની સિધ્ધિઓ અને સંચાલક મંડળના સહયોગની પ્રશંસા કરી હતી.

સમારંભની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની કુ. નંદીની ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. પ્રિ. ડાં. કે.એન.ચાવડાએ કોલેજની વિકાસ ગાથા વર્ણવી, યુનિવર્સિટી પરીક્ષામાં વિદ્યાર્થીઓએ મેળવેલ ઉત્તમ પરિણામ અંગે માહિતી આપી મહેમાનોનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યુ હતું.

કાર્યક્રમનાં જીવન જ્યોત ટ્રસ્ટના પદાધિકારી તેમજ મહેમાનશ્રીઓના વરદહસ્તે દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરી વિવિધ પ્રવૃત્તિઓમાં સફળતા બદલ કોલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના મહેમાનોનો આવકાર પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ આપ્યો હતો. પરિચય પ્રા. ડૉ. મેહુલ બી.શાહે કરાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિ. ડૉ. કે.એન.ચાવડાએ તેમજ શિલ્ડ વિતરણ સંચાલન, પ્રા. કમલેશ સાવલિયા, શ્રી કે.આર.સોલંકી અને વહીવટી પરિવાર અને ઉદ્‌ઘોષક તરીકેની સેવા પ્રા. ઝંખના એલ.પરમાર અને પ્રા. પાયલ પ્રજાપતિ તેમજ આભારવિધિ આર.ડી.ઝાએ કરી હતી. ઈનામોની જાહેરાત પ્રા.ડૉ. આર.સી.ગાંધી, પ્રા. કનુભાઈ સુતરિયા અને પ્રા. નરેન્દ્ર બારિયાએ કરી હતી.






## NAAC

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોર્મસ કોલેજ, અમરોલીમાં તા. ૦૬ અને ૦૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ NAACની ટીમ મૂલ્યાંકન માટે આવી હતી. જેના પરિણામમાં અમરોલી કોલેજ દક્ષિણ ગુજરાતમાં પ્રથમ સ્થાને રહી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં NATIONAL ASSESSMENT & ACCREDITATION COUNCIL, BENGALURU દ્વારા ત્રીજી સાયકલની પ્રક્રિયામાં જનારી પ્રથમ કોલેજ હતી. જે ત્રીજી સાયકલમાં દક્ષિણ ગુજરાતમાં 2.94 $B^{++}$ ગ્રેડ સાથે પ્રથમ સ્થાને આવેલ છે તેમજ ત્રીજી સાયકલ અને CGPA પ્રમાણે ગુજરાત રાજ્યમાં ત્રીજા સ્થાને આવેલ છે. જે બદલ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી અને કોલેજ પરિવાર સર્વેને અભિનંદન પાઠવે છે.




## એન.એસ.એસ. : વૃક્ષારોપણ – સ્વચ્છતા અભિયાન






જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના એન.એસ.એસ.ના ૯૦૦ સ્વયંસેવકો સોમવાર તા. ૧૬/૦૯/ ૨૦૧૯ના રોજ નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ ૧૬૭–સુરત (પશ્ચિમ) વિધાનસભાના લોક લાડિલા ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ થયું હતું. ભારતના સર્વશ્રેષ્ઠ વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે વૃક્ષારોપણ, સેવા, સ્વચ્છતા અને સમરસત્તાના ભાવ સાથે નવી સિવિલ હોસ્પિટલ ખાતે સેવાભાવી કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં પ્રિ.ડૉ.કે.એન.ચાવડા તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. ડૉ. રાજેશ ડી. રાણા, પ્રા. વિજય એમ.ચૌધરી, પ્રા. જીતેન્દ્ર બી. ચૌધરી, પ્રા.નેહાબેન ઉપાધ્યાય હાજર રહ્યા હતા. તેમણે સ્વચ્છતા અને વૃક્ષારોપણ ઉપર

એન.એસ.એસ.ના વિદ્યાર્થીનીઓ સાથે ચર્ચા કરી તે અંગે સમજ આપી હતી. ત્યારબાદ નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં સફાઇ કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## વિશ્વ બંધુત્વ દિવસ

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોર્મસ કોલેજ, અમરોલીના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૧૩–૯–૨૦૧૯ના શુક્રવારના રોજ વિશ્વ બંધુત્વ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ સાયકોલોજી વિભાગના વડાશ્રી ડૉ. રુદ્રેશભાઈ વ્યાસ દ્વારા "રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભૂમિકા: સ્વામીજીની દ્રષ્ટિએ" વિષય પર વકતવ્યનું આયોજન થયું હતું. ડૉ. રુદ્રેશભાઈ વ્યાસે સ્વામી વિવેકાનંદજીનું વિશ્વ ધર્મ પરિષદનું અદ્દભૂત પ્રવચન યાદ કરાવી યુવાનોને ધ્યેય અંગે સભાન થવા તથા સ્વામીજી જેવા હકારાત્મક વિચારો દ્વારા રાષ્ટ્રીય ઉત્થાન માટે કટીબધ્ધ થવા હાંકલ કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન પ્રિ.ડૉ. કે.એન.ચાવડા સાહેબ ઉપસ્થિત રહી મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ મહેમાનોનો પરિચય આપ્યો હતો. અન્ય ૩ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. વી.એમ. ચૌધરી, પ્રા. જે.બી.ચૌધરી અને પ્રા. એન.વી.ઉપાધ્યાય હાજર રહયા હતા. એન.એસ.એસ. સ્વયંસેવક કુ. દિપીકાએ પ્રાર્થના કરી હતી. તથા એન.એસ.એસ. સ્વયંસેવક રૈયાણી જૈવિકે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું તથા એન.એસ.એસ. સ્વયંસેવક કુ. ક્રિષ્નાએ આભાર વિધિ કરી હતી.





## પીએચ.ડી.



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના આસિસ્ટન્ટ પ્રોફેશર તરીકે ફરજ બજાવતાં પ્રા. ચિરાગ કિશોરકુમાર સિધ્ધપુરીયાએ મેનેજમેન્ટ વિષય ઉપર તૈયાર કરેલા મહાશોધ નિબંધ "A Comparative Study on Customer Perception & Satisfaction of Service Quality of Life Insurance Companies in India with Reference to Gujarat State"ને ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ માન્ય રાખી તેઓને પીએચ.ડી.ની પદવી એનાયત કરી હતી. આ સંશોધન કાર્ય તેમણે વી.ન.દ.ગુ.યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ એન્ડ ઈન્ડિસ્ટ્રીયલ મેનેજમેન્ટના ડીન અને પ્રોફેસર ડૉ. જયદીપ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યુ છે. આ સિદ્ધિ મેળવી તે માટે તેમને અમરોલી કોલેજ પરિવાર, સંસ્થાના ટ્રસ્ટીગણ તેમજ સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવે છે.

## વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરત.

## સિલ્વર મેડલ

વનિતા વિશ્રામ, સુરત સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમસની એફ.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કુ. પ્રિયા રાજપૂતે, એસ.એસ.અગ્રવાલ કોલેજ, નવસારી ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ અને યુવક કલ્યાણ વિભાગ દ્વારા આયોજિત આંતર કોલેજ કુસ્તી (મહિલા) સ્પર્ધામાં ૭૨ કિગ્રાની કેટેગરીમાં, સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યુ હતું. આ સ્પર્ધામાં સાઉથ ગુજરાતની ૩૪ જેટલી કોલેજની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ કોલેજના આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલે, શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. તન્વી તારપરાએ, સમગ્ર કોલેજના સ્ટાફે તથા મેનેજમેન્ટના સભ્યોએ વિજેતા વિદ્યાર્થીનીને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.







**બહુમાન**




વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં ઈ.સ. ૨૦૦૮થી આચાર્યા તરીકે કાર્યરત ડૉ. અભિલાષા અગરવાલને શિક્ષણ જગતમાં એમના અમુલ્ય યોગદાનને બિરદાવવા શિક્ષક દિવસના ઉપલક્ષમાં ધી લાયન્સ કલબ ઓફ સુરત લીજેન્ડરી દ્વારા જાણીતા નાટ્યકાર અને શ્રી યઝદી કરંજીયા, વરાછા કો.ઓ.બેંકના ચેરમેનશ્રી કાનજીભાઈ ભાલાળા અને ધી લાયન્સ કલબ ઓફ સુરત લીજેન્ડરીના પ્રમુખશ્રી આઈ. જી. પટેલના વરદ હસ્તે સન્માન પત્ર આપી બહુમાનિત કરવામાં આવ્યું હતું. ડૉ. અગરવાલ છેલ્લા ૨૧ વર્ષથી શિક્ષણ ક્ષેત્રમાં કાર્યરત છે. આ યશસ્વી કારકિર્દી દરમ્યાન તેમણે શિક્ષણ જગતમાં શિસ્તના પર્યાય તરીકે પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. તેઓ વિદ્યાર્થીનીઓના બહુ આયામી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે અને વિદ્યાર્થિનીઓને ભણતરની સાથે જોબ મળે એના માટે વિવિધ વોકેશનલ કોર્સીસ પણ એમના માર્ગદર્શન હેઠળ છેલ્લા દસ વર્ષથી ચલાવવામાં આવે છે. આ સન્માન મેળવવા બદલ કોલેજ પરિવાર અને સંસ્થાના ટ્રસ્ટી તથા સ્ટાફના સભ્યોએ ડૉ. અભિલાષા અગરવાલને અભિનંદન પાઠવ્યા હતા.




**EDII : મુલાકાત**

વનિતા વિશ્રામ સંચાલિત, વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સના બી.કોમ. અને બી.બી.એ.ની વિદ્યાર્થિનીઓ માટે અમદાવાદ સ્થિત ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થા (એન્ટરપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા,EDII)ની વિઝીટનું આયોજન આચાર્યા ડૉ.અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિનીઓને કેમ્પસમાં ચાલતા વિવિધ કોર્સીસ અને તેની શિક્ષણ પધ્ધતિ વિષે માહિતગાર કરવામાં આવ્યાં હતા. આ ઉપરાંત વિદ્યાર્થિનીઓને ઉદ્યોગ સાહસિકતાના લક્ષણો અને કઈ રીતે ઉદ્યોગ સાહસિક બની શકાય તેની સંસ્થાના અધ્યાપકો દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓ સંસ્થા દ્વારા પુરસ્કૃત વિવિધ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ્સ વિષે પણ માહિતગાર થયા હતા. વિદ્યાર્થિનીઓએ કેમ્પસમાં કલાસરૂમ, લાઈબ્રેરી, એકજીબીશન સેન્ટર વિગેરેની પણ મુલાકાત લીધી હતી. આ મુલાકાત વિદ્યાર્થિનોઓને ગ્રેજ્યુએટ થયા પછી ઉદ્યોગ સાહસિકતા તેમજ આગળની કારકિર્દી ઘડતર માટે જાગૃત કરવાના આશયથી આયોજિત કરવામાં આવી હતી જે સંતોષકારક અને અર્થપૂર્ણ સાબિત થઈ હતી. વિઝીટનું સંચાલન પ્રા. નંદા બોથરા અને શ્રી તેજલ પારેખે કર્યુ હતું.







**પુસ્તક સમીક્ષા**

૧. વનિતા વિશ્રામ સંચાલિત, વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં સપ્તધારાના જ્ઞાન ધારા અંતર્ગત કોલેજની લાઈબ્રેરી કમિટી દ્વારા આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ બુક રિવ્યુ સીરીઝ – 'અભિગ્યા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શુભમ સાહિત્ય પ્રકાશન ગૃહના એડીટરશ્રી નરેશ કાપડિયાએ સ્ટીફન કોવે લેખિત 'સેવેન હેબીટ્સ ઓફ હાઈલી ઈફેકટીવ પીપલ (7 Habits of Highly Effective People) પુસ્તકની સમીક્ષા કરી હતી. આ કાર્યક્રમમાં તેમણે આ પુસ્તકમાં આપવામાં આવેલા હાઈલી ઈફેકટીવ પીપલના દ્રષ્ટાંત દ્વારા કઈ સારી ટેવો વિકસાવવાથી વ્યકિતના જીવનમાં બદલાવ આવી શકે તે બાબત સમજાવી સફળ થવાના મંત્ર આપ્યા હતા. તેમણે યુવાઓને તેમની અંદર આવી આદતો ઉભી કરવા સંદર્ભમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી હતી. ત્યારબાદ એસ.વાય.બી. કોમ.ની વિદ્યાર્થિની અભ્યાસ કરતી કુ. સાદિયાહ કુંડાએ શેખર મેહરા લેખિત 'ફાધર્સ ડોટર', એફ.વાય.બી.કોમની કુ. દિવ્યા નાયકએ રોબર્ટ કિયોસાકી લેખિત 'રિચ ડેડ પુઅર ડેડ' અને એફ.વાય. બી.કોમ.ની કુ. જીનલ પટેલ દ્વારા ચેતન ભગત લેખિત '૨ સ્ટેટસ' પર પણ બુક રીવ્યુ કરવામાં આવ્યું હતું.

આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલે શ્રી નરેશ કાપડિયાનો આભાર વ્યકત કર્યો હતો કે જેમણે વિદ્યાર્થિનીઓને એમના જ્ઞાનનો લાભ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન લાઈબ્રેરી કમિટીનાં સેક્રેટરી પ્રો. ડૉ. નેહા રાવલે કર્યુ હતું.

૨. વનિતા વિશ્રામ સંચાલિત, વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં સપ્તધારાના જ્ઞાન ધારા અંતર્ગત કોલેજની લાઈબ્રેરી કમિટી દ્વારા આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ બુક રિવ્યુ સીરીઝ – 'અભિગ્યા' અંતર્ગત ચોથું બુક રિવ્યુ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોફ્ટ સ્કીલ ટ્રેનર અને એજયુકેટર ડૉ. વિશાલ ભાદાનીએ યુવલ નોઆહ હરારી લેખિત 'ટ્વેન્ટીવન લેસન્સ ફોર ધી ટ્વેન્ટીફસ્ટ સેન્ચ્યુરી' ('21 Lessons for the 21st Century') પુસ્તકની સમીક્ષા કરી હતી. આ કાર્યક્રમમાં ડૉ. વિશાલ ભાદાનીએ ભવિષ્યમાં કેવી રીતે માનવજાતને તકનીકી, રાજકીય, સામાજીક અને અસ્તિત્વને લગતા બદલાનો સામનો કરવા પડશે એ સમજાવ્યું હતું અને ભવિષ્યમાં જોબ માર્કેટમાં થતાં મોટા ફેરફારો વિશે ચર્ચા કરી હતી. તેમણે ભવિષ્યમાં મળતી શકત નોકરીની તકો વિશે પણ માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની કુ. સાદિયાહ કુંડાએ વિકાસ સ્વરૂપ દ્વારા લેખિત 'એકસીડન્ટલ એપ્રેન્ટિસ' અને ટી.વાય.બી.કોમ.ની કુ. રાધા પ્રજાપતિએ એકનાથ રાનડે સંપાદિત 'સ્વામી વિવેકાનંદનું હિંદુ રાષ્ટ્રને સંબોધન' પર પણ બુક રીવ્યુ કર્યુ હતુ.

વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલે ડૉ. વિશાલ ભાદાનીનો વિદ્યાર્થિનીઓને એમના જ્ઞાનનો લાભ આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન લાઈબ્રેરી કમિટીનાં સેક્રેટરી પ્રો. ડૉ. નેહા રાવલે અને લાયબ્રેરીયન શ્રી શિવાંગ મહેતાએ કર્યુ હતું.








## સેમિનાર

વનિતા વિશ્રામ સંચાલિત, વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં સપ્તધારાની જ્ઞાન ધારા અંતર્ગત વિમેન્સ સેલ દ્વારા (Gynecological, Psychological & Sexual Problems of Young Women)" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાડકર્ણી ગૃપ ઓફ હોસ્પિટલ્સના ડાયરેકટર ડૉ. પૂર્ણિમા નાડકર્ણીએ સ્ત્રીત્વ સાથે સંબંધિત સ્ત્રીરોગવિજ્, માનશાસ્ત્ર સંબંધીત, માનસિક અને જાતીય સમસ્યાઓ વિશે સમજણ પૂરી પાડી હતી. તેમણે વિદ્યાર્થિનીઓને સ્ત્રીઓની સામાન્ય સમસ્યાઓ, વિકારો અને માસિક સમસ્યાઓ વિષે તથા તેને કેવી રીતે દૂર કરવી તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થિનીઓમાં Polycystic Ovary Syndrome (PCOS) સ્ત્રી સંબંધિત રોગો અને યુવતીઓમાં મેદસ્વીપણા અંગેની જાણકારી આપીને જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમને તંદુરસ્ત ખોરાક, કસરત તથા રમતગમતની ટેવને દૈનિક જીવનમાં અપનાવવા માટે કહ્યું હતું. વિદ્યાર્થિનીઓમાં તંદુરસ્તી તથા સ્ફૂર્તિ લાવવામાં મદદ કરે એવા વિટામિનયુકત અને પોષ્ટિક આહાર લેવા પર પણ ભાર મૂકયો હતો.

આ સેમીનારમાં ૧૪૧ વિદ્યાર્થિનીઓએ ઉત્સુકતાપૂર્વક ભાગ લીધો હતો અને ત્યારબાદ વ્યકિતગત પ્રશ્નોતરી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ડૉ. પૂર્ણિમા નાડકર્ણી સાથે કોઈ પણ સંકોચ વગર ચર્ચા કરી, વિવિધ પ્રશ્નો દ્વારા પોતાની મુઝવણોનો નિકાલ કરી સંતોષ માન્યો હતો. આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલે વિસ્તૃત માહિતી પૂરી પાડવા બદલ માનનીય ડૉ. પૂર્ણિમા નાડકર્ણીનો આભાર વ્યકત કર્યો હતો.






## એગ્ઝીબીશન કમ સેલ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં, મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે સપ્તધારાના સર્જનાત્મક અભિવ્યકિત ધારા અને રંગ, કલા અને કૌશલ્ય ધારા અંગર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓ દ્વારા બનાવેલા હેન્ડીક્રાફ્ટ પ્રોડકટ્સનું 'એગ્ઝીબીશન કમ સેલ' યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓમાં એન્ટરપ્રીનીઓર્શીપ સ્કીલ્સ વિકસાવવા માટે વિદ્યાર્થિનીઓએ બનાવેલી વસ્તુઓ જેમકે રાખડીઓ, વોલ હેન્ગીગ, પેઈન્ટિંગસ, ફેશન જ્વેલરી, ક્રોશિયા આર્ટ, લામાસ આર્ટ, પર્સન્લાઈઝડ ગીફ્ટ આર્ટીકલ્સ, પેન સ્ટેન્ડ, વિન્ડ શાઈમ, જેવી પ્રોડકટ્સ પ્રદર્શિત કરવામાં આવી હતી અને એમની પ્રોડકટ્સની કોસ્ટિંગ કરી વેચાણ માટે ખુલ્લું મૂકયું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓમાં રહેલી પ્રતિભા, પ્રોડકટ કોસ્ટિંગ અને માર્કેટિંગ સ્કીલ્સ વિકસાવવાનો તથા ભણતરની સાથે સાથે ઉદ્યોગ સાહસિક અને સ્વનિર્ભર બનાવવાનો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. નંદા બોથ્રાએ કર્યુ.





## સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ્સ

વનિતા વિશ્રામ સંચાલિત, વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં, સપ્તધારાની વ્યાયામ, યોગ, ખેલ–કૂદ ધારા અંતર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓમાં રહેલી ખેલકૂદની પ્રતિભા વિકસાવવા માટે સ્પોર્ટ્સ કમિટી દ્વારા નેશનલ સ્પોર્ટ્સ ડે અને ફીટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત ત્રણ દિવસીય ઈન્ટ્રા કોલેજીએટ ઈન્ડોર સ્પોર્ટ્સ ટુર્નામેન્ટસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેસ, કેરમ, ટેબલ ટેનીસ, બિલિયર્ડસ અને બેડમિન્ટનની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં આશરે ૧૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ફિટનેશની શપથ ગ્રહણ કરી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યા હતા. કેરમમાં પ્રથમ ક્રમે ટી.વાય.બી.કોમ.ની કુ. આસમા નાખુદા, ટેબલ ટેનીસની સ્પર્ધામાં પ્રથમ ક્રમે એસ.વાય. બી.કોમ.ની કુ. ખુશ્બુ ચંદ્રાના, ચેસ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ટી.વાય.બી.કોમ.ની કુ. પુનમ દભાડે, બેડમિન્ટન સ્પર્ધામાં પ્રથમ ક્રમે ટી.વાય.બી.કોમ.ની કુ. આસમા નાખુદા અને બિલિયર્ડસ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ટી.વાય.બી.કોમ.ની કુ. પ્રાર્થના પટેલ વિજેતા થઈ હતી.

સમગ્ર સ્પર્ધાઓનું આયોજન ફિજિકલ એજ્યુકેશનના પ્રોફેસર ડૉ.તન્વી તારપરાએ કર્યુ હતું. વિજેતા વિદ્યાર્થિનીઓને કોલેજના આચાર્યા ડૉ. અભિલાષા અર્ગવાલ તથા સમગ્ર કોલેજના સ્ટાફે વિજેતા વિદ્યાર્થિનીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.









## એન્ટરપ્રેન્યોરશીપ વીક

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં ઉડીશા અંતર્ગત કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ "એન્ટરપ્રેન્યોરશીપ વીક"ની ઉજવણી કરવામાં આવી હતી. આ આયોજનનો મુખ્ય હેતુ, વિદ્યાર્થિનીઓમાં રહેલી એન્ટરપ્રેન્યોરિઅલ સ્કીલ્સ વિકસાવવાનો હતો.આ ઉજવણીના ભાગરૂપે પ્રથમ દિવસે વિદ્યાર્થિનીઓ માટે રશેષ શાહ એન્ડ કંપનીના ટેક્સેશન ડીપાર્ટમેન્ટના હેડ સી.એ. મેહુલ શાહ અને શ્રી સુરતી મોઢવાની–સાર્વજનિક ટ્રસ્ટના સી.ઈ.ઓ. શ્રી ગૌરવ દુગ્ગલ દ્વારા "Legal, Technical and Advisory Aspects of Entrepreneurship" વિષય પર મોટીવેશનલ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થિનીઓને સ્ટાર્ટ–અપ માર્ગદર્શકની પસંદગી કરતી વખતે કયા માપદંડ ધ્યાનમાં લેવા જોઈએ તે અંગે માર્ગદર્શન પૂરું પાડયું હતું. બીજા દિવસે 'Role of Technology in Entrepreneurship' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વી.એન.એસ.જી.યુ.ના સ્ટુડન્ટ એન્ટરપ્રેન્યોર સેલના મેમ્બર અને IVipanan Digital Marketing and Management Servicesના ફાઉન્ડર શ્રી ભૌતિક શાહે ડિજિટલ માર્કેટિંગની વિવિધ તકનીકો જેમ કે જાહેરાત, સામગ્રી લેખન, સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન, બ્લોગ લેખન વગેરેના ઉપયોગ વ્યવસાયમાં કઈ રીતે થાય છે તે અંગે સમજાવ્યું હતું.

ત્રીજા દિવસે બિઝનેશ પર આધારિત "રોકેટ સીઘ" મૂવી બતાવી વ્યક્તિ પોતાની સ્વ બુધ્ધિશક્તિ, આત્મવિશ્વાસ, પ્રમાણિકતા અને પ્રખર મહેનતથી જ બિઝનેશમાં સફળતા મેળવી શકે છે અને દ્રઢ મનોબળ અને આત્મ વિશ્વાસ દ્વારા કઈ રીતે સ્વાવલંબી બનવું અને કઈ રીતે આગેવાની કરી પોતાનો ઉદ્યોગ વિકસાવવો તેમજ શૂન્યમાંથી સર્જન કરી સર્વોચ્ચ શિખરે કઈ રીતે પહોંચી શકાય તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

ચોથા દિવસે વિદ્યાર્થિનીઓમાં રહેલી પ્રતિભા, પ્રોડક્સ કોસ્ટિંગ અને માર્કેટિંગ સ્કીલ્સ વિકસાવવા માટે અને ભણતરની સાથે સાથે ઉદ્યોગ સાહસિક અને સ્વનિર્ભર બનાવવા માટે હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસનું 'એગ્ઝીબીશન કમ સેલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આખરી દિવસે વિદ્યાર્થિનીઓ માટે એન્ટરપ્રેન્યોર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થિનીઓએ પવાર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનમાં વિદ્યાર્થિનીઓએ વિવિધ બિઝનેશ મોડેલ અને સ્ટાર્ટ અપ વિષય પર પોતાના મૌલિક વિચારો દર્શાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રધ્યાપિકા નંદા બોથરાએ કર્યુ હતું.







## ફ્રેશર્સ પાર્ટી








વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ સ્ટુડન્ટસ કાઉન્સીલ, ભૂતપૂર્વ વિદ્યાર્થિની મંડળ, બી.બી.એ. અને બી.કોમ. પાર્ટ–૨ અને પાર્ટ–૩ની વિદ્યાર્થિનીઓ દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થિનીઓને આવકારવા માટે ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલે વિદ્યાર્થિનીઓને જીવનમાં નિશ્ચિત ધ્યેય રાખવા અને એક સબળા સ્ત્રી તરીકેની પોતાની ઓળખ ઉભી કરી ઉજ્જવળ કારકિર્દી માટે પ્રોત્સાહિત કરી તેઓને વનિતા વિશ્રામ કુટુંબના નવા સભ્યો તરીકે આવકાર્યા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓએ પણ એમના કોલેજ કાળના અનુભવો વિદ્યાર્થિનીઓ સાથે ચર્ચા કરી, વ્યવહારિક જીવનની વાસ્તવિકતા સમજાવી સફળ જીવન જીવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ફ્રેશર્સ પાર્ટીને રોમાંચમય બનાવવા માટે સ્ટુડન્ટસ કાઉન્સીલ દ્વારા ટેલેન્ટ હન્ટ કોમ્પીટીશન, ફેશન શો અને ડાન્સ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. તદ્દુપરાંત મિસ

ફ્રેશર, બેસ્ટ ડ્રેસ, બેસ્ટ હેરસ્ટાઈલ, બેસ્ટ એસેસરીઝ, ચાર્મિંગ પર્સનાલીટી, બેસ્ટ સ્માઈલ જેવા અનેક એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. હીના દલાલ અને પ્રા. અનામિકા તલેસરા એ કર્યુ હતું.

## હિન્દી દિવસ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં સપ્તધારાના સર્જનાત્મક અભિવ્યકિત ધારા અંતર્ગત કોલેજની લિટરરી કલબ દ્વારા આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ 'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રોગ્રામમાં વિદ્યાર્થિનીઓમાં રહેલી પ્રતિભા વિકસાવવા માટે વાદ વિવાદ, કાવ્ય પઠન અને કિવઝ જેવી પ્રવૃતિઓ યોજાઈ હતી. વિદ્યાર્થિનીઓને આ દિવસ નિમિત્તે તેમના સુંદર યોગદાન બદલ તેમજ તેમના સુંદર કાવ્યાત્મક વિચારોથી વાતાવરણને મંત્રમુગ્ધ બનાવવા બદલ આચાર્યાશ્રી તથા સ્ટાફના સભ્યોએ અભિનંદન આપ્યા હતા.

આ ઉજવણીનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓને રાષ્ટ્રભાષા પ્રત્યે ગર્વની અનુભૂતિ કરાવવાનો અને રાષ્ટ્રભાષાનો વધારેમાં વધારે ઉપયોગ કરવાની પ્રેરણા આપવાનો હતો. આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલે પણ સ્વરચિત કવિતાનો પઠન કર્યુ હતું અને વિદ્યાર્થિનીઓને રાષ્ટ્રભાષાનું મહત્વ સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. સપના દેસાઈએ કર્યુ હતું.






## ઓરીએન્ટેશન

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં એમ.કોમ.,બી.કોમ અને બી.બી.એ.ના પ્રથમ વર્ષની વિદ્યાર્થિનીઓના વાલીયો માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વાલીઓને કોલેજમાં થતી વિવિધ પ્રવૃતિઓ, કોલેજમાં ચાલતા કોમ્પ્યુટર અને વેલ્યુ એડેડ કોર્સિસ, પરીક્ષા પધ્ધતિ તથા સેમિસ્ટર સિસ્ટમ વિશેની જરૂરી માહિતી આપી હતી. આ ઉપરાંત વિદ્યાર્થિનીઓ દ્વારા મોબાઈલનો દુરુપયોગ અને તેમની હાજરી વિશે માહિતીગાર કરી સાથે સાથે વાલીઓને એમની દિકરીઓની સલામતી માટે હેલ્મેટ પહેરાવીને કોલેજ મોકલવા વિનંતી કરી હતી. આ બાબતો પ્રત્યે એક વાલી તરીકે આપણે આંખ આડા કાન ન કરીએ તેના ઉપર પણ આચાર્યાએ ભાર મુકયો હતો. તદુપરાંત આચાર્યાએ વાલીઓને તેમની વાલીઓ તરીકેની સક્રિય ભૂમિકા ભજવવા કહ્યું હતું. ખરેખર તો આ કામ કોલેજ અને વાલીઓએ હાથમાં હાથ મેળવીને જ કરવાનું રહ્યું તે બાબત પર વાલીઓનું ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. ઘણા બધા વાલીઓ આ વાત સાથે સહમત થયા હતા. અંતે વાલીઓએ તેમણે જાગૃત કરવા તથા આવી એક અનેરી તક ઉભી કરવા બદલ આચાર્યાશ્રીનો આભાર માન્યો હતો.








## રાખી મેકિંગ અને થાળી ડેકોરેશન પ્રતિયોગિતા

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં સપ્તધારાની રંગકલા કૌશલ્ય ધારા અંતર્ગત આચાર્યા ડૉ.અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ રાખી મેકિંગ અને થાળી ડેકોરેશન પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વૈવિધ્ય સભર સામગ્રીનો ઉપયોગ કરી સુંદર રાખડીઓ અને થાળી શણગારી હતી. આ સ્પર્ધામાં લગભગ ૩૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યા હતા. વિજેતા સ્પર્ધકોને આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલ તથા સ્ટાફના સભ્યોએ અભિનંદન આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. હીના દલાલે કર્યુ હતું.





## નવયુગ સાયન્સ કોલેજ, સુરત.

### સ્ટેટ લેવલ મેથેમેટિક્સ ક્વિઝ કોમ્પિટિશન

નવયુગ સાયન્સ કોલેજ, ગણિતશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત સ્ટેટ લેવલ મેથેમેટિક્સ ક્વિઝ કોમ્પિટિશન તા. ૨૦–૦૮–૨૦૧૯નાં રોજ યોજાયેલ હતી. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૧૫ ટીમે ભાગ લીધો હતો. જેમાં અમદાવાદ, રાજકોટ, આણંદ, દમણ તથા સુરત એમ સમગ્ર ગુજરાતની વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી નવયુગ સાયન્સ કોલેજ, સુરતે પ્રથમ ક્રમ, એમ.જી.સાયન્સ કોલેજ, અમદાવાદે દ્વિતીય ક્રમ અને ગર્વમેન્ટ આર્ટ્સ સાયન્સ અને કોમર્સ કોલેજ, દમણે તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગણિતશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની આ સિધ્ધિ બદલ કોલેજનાં આચાર્ય શ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ, ગણિતશાસ્ત્ર વિભાગના વડા ડૉ. જે.કે.પટેલ તેમજ કોલેજ પરિવાર ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.



## નવયુગ કોમર્સ કોલેજ, સુરત.

### આંતર કોલેજ કુસ્તી સ્પર્ધાઃ કુસ્તી ૬ મેડલ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ કુસ્તી સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજ, સુરતમાંથી કુલ ૧૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાંથી બે ખેલાડીઓને ગોલ્ડ મેડલ તેમજ ચાર ખેલાડીઓએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા.

શ્રી દિપક નાયકા ૯૭ કિ.ગ્રા. ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. કું. કૌશલ્યા પટેલ ૬૨ કિ.ગ્રા. ગ્રુપમાં પ્રથમ આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા. દાલવાલા જીનલ ૭૨ કિ.ગ્રા. ગ્રુપમાં ત્રીજા ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. પટેલ કિંજલ ૬૮ કિ.ગ્રા. માં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. પઠાન ઝીન્નત ૫૦ કિ.ગ્રા. ગ્રુપમાં બ્રોન્ઝ મેડલ તથા શાહ ધ્રુવી ૬૫ કિ.ગ્રા. ગ્રુપમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યુ. આ ખેલાડીઓને કોલેજના આચાર્યશ્રી વિનોદભાઈ એન. પટેલ તથા શારિરીક શિક્ષણના પ્રા. સી. કે. અસારિયા તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.



### પસંદગી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની લોનટેનિસ ટીમમાં નવયુગ કોમર્સ કોલેજમાંથી કુલ બે ખેલાડીઓ પસંદગી કરવામાં આવી છે. શ્રી પાઠક કાર્તિક એન. અને મોરે હિતેશ આર. યુનિવર્સિટીની લોનટેનિસ ટીમમાં પસંદગી પામી કોલેજનું ગૌરવ વધાર્યુ છે. આ ટીમ વેસ્ટ ઝોન સાવિત્રીબાઈ ફુલે યુનિવર્સિટી પુણે રમવા જઈ રહી છે. આ ખેલાડીઓને કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ જીમખાના ચેરમેનશ્રી પ્રા. ડૉ. રાજેશભાઈ નાયક તથા શારિરીક શિક્ષણના વ્યાખ્યાતા પ્રા. સી.કે.અસારિયા તેમજ કોલેજ પરિવારે તમામ પસંદગી પામેલ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.




## એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### સ્વાતંત્ર્યદિનની ઉજવણી

આપણા ૭૩માં સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા. ૧૫-૦૮-૨૦૧૯ના રોજ કોલેજ પટાંગણમાં કોલેજના વરિષ્ઠ પ્રાધ્યાપક યોગેશભાઈ જે. દેસાઈના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. પોતાના વ્યકતવ્યમાં આઝાદીનું મહત્વ અને ક્રાંતિવીરો તથા શહીદોને યાદ કરીને વિદ્યાર્થીઓને સત્ય, અહિંસા અને પ્રેમના ગાંધીજીના સિધ્ધાંતોને સાથે રાખી દેશના વિકાસમાં ફાળો આપવા અપીલ કરી હતી. ધ્વજવંદન કાર્યક્રમમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પદાધિકારીઓ, કોલેજના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓએ ભાગ લીધો હતો. કોલેજના એન.સી.સી. વિભાગ અને એન.એસ.એસ. વિભાગના સંયુકત ઉપક્રમે કોલેજના ઈનચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડયો હતો. વિદ્યાર્થીઓએ દેશભકિતના સૂત્રો પોકાર્યા હતા.

### ફીટ ઈન્ડિયા મુવમેન્ટની ઉજવણી

એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં "ફીટ ઈન્ડિયા" મુવમેન્ટની ઉજવણી ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. જે અંતર્ગત કોલેજના એન.સી.સી. કેડેટ્સ અને અન્ય વિદ્યાર્થીઓએ કોલેજથી શરૂ કરીને પૂર્વ વડાપ્રધાનશ્રી મોરારજી દેસાઈની પ્રતિમા સુધી અને પરત કોલેજ સુધી તેજકદમી કરી હતી અને પોતાની દૈનિકદિનચર્યામાં ચાલવાની કસરતનો સમાવેશ કરવાનો સંકલ્પ કર્યો હતો. તેમજ આજરોજ સવારે ૧૦:૦૦ કલાકે દૂરદર્શન ચેનલ પરથી પ્રસારિત થયેલ ફીટ ઈન્ડિયા મુવમેન્ટ લોન્ચિંગ પ્રોગ્રામનું સીધું પ્રસારણ નિહાળ્યું હતું. વધુમાં અમારી સંસ્થાએ ફીટનેશ ઈન્ટિગ્રેટેડ પ્લાન બનાવવા વિચાર-વિમર્શ કર્યા હતો. સમગ્ર કાર્યક્રમમાં કોલેજના સ્ટાફ પરિવારે ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. સોનલબેન વસાવાએ કર્યુ હતું.

### એન.એસ.એસ.: સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સરકારશ્રીના આદેશ અનુસાર એન.એસ.એસ.ના ઉપક્રમે "સ્વચ્છતા પખવાડિયા"ની ઉજવણી અંતર્ગત રેલી, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન પર સફાઈની કામગીરી હાથ ધરાઈ હતી. આ કામગીરીમાં એન.એસ.એસ.ના ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ શ્રમ કાર્ય કર્યુ. કોલેજ કેમ્પસથી બીલીમોરા બસ સ્ટેશન સુધી સ્વચ્છતા અભિયાનને લગતા પોસ્ટરો સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બસ સ્ટેશનના મેનેજર અને તેમનો સ્ટાફ પણ સફાઈ કામગીરીમાં જોડાયો હતો. રેલ્વે સ્ટેશનના સ્ટેશન માસ્ટર ડી.એન.શર્માએ વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગેનો સંદેશો પોતાના ઘર, પાડોશી અને શેરીમાં પહોંચાડવા અનુરોધ કર્યો હતો. આ કામગીરી એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. દિપીકાબેન લાડ અને ચિરાગભાઈ ગુલાનીએ સંભાળી. સમગ્ર કાર્યક્રમ દરમ્યિાન કોલેજના ઈનચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી.રાણાનું માર્ગદર્શન અને દોરવણી મળી હતી. કામગીરીને સફળ બનાવવામાં વિદ્યાર્થીઓનો સિંહફાળો રહ્યો હતો.

### એન.એસ.એસ.: દેશભકિત ગીત સ્પર્ધા અને સ્વચ્છતા આધારિત રંગોળી સ્પર્ધા

એ.વી.પટેલ કોમર્સ કોલેજ બીલીમોરામાં સરકારશ્રીના આદેશ અનુસાર "સ્વચ્છતા પખવાડિયુ"ની ઉજવણીના ભાગ રૂપે કોલેજના એન.એસ.એસ. યુનિટ અને ગુજરાત સરકારની સપ્તધારાની "ગીત-સંગીત નૃત્યધારા" અને "રંગકલા કૌશલ્યધારા" ના સંયુકત ઉપક્રમે દેશભકિત ગીત સ્પર્ધા અને સ્વચ્છતા આધારિત રંગોળી સ્પર્ધાનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ વિદ્યાર્થીઓએ દેશ પ્રત્યેની દાઝ વ્યકત કરતા ગીતો ગાયા હતા અને સ્વચ્છ ભારત અભિયાનને સાકાર કરતા વિવિધ સંદેશાઓ ચિત્રો અને સ્લોગન દ્વારા રંગોળીમાં આકારાયા હતા. દેશભકિત ગીત સ્પર્ધામાં પ્રથમ વિજેતા પટેલ યાશિકા ડી. – ટી.વાય.બી.કોમ, દ્વિતીય વિજેતા રેવર પુષ્પા કે. – એસ.વાય.બી.કોમ અને

તૃતીય વિજેતા પાંચાલ રિધ્ધી એસ. – ટી.વાય.બી.કોમ. રહ્યા હતા. પ્રા. વાય.જે.દેસાઈ અને પ્રા. એન.બી.સોલંકીએ નિર્ણાયક તરીકેની સેવા બજાવી હતી. રંગોળી સ્પર્ધામાં પ્રથમ વિજેતા લાડ આયુષી જી. – એસ.વાય.બી.કોમ (અંગ્રેજી માધ્યમ), દ્વિતીય વિજેતા લાડ અનુષ્કા જી. – એસ.વાય.બી. કોમ (અંગ્રેજી માધ્યમ) તથા તૃતીય વિજેતા પટેલ પ્રિયંકા આર. – ટી.વાય.બી.કોમ. રહ્યા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. એસ.એસ.વસાવા અને પ્રા. એન.આર.ચાવડાએ સેવા આપી હતી. કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાએ સ્પર્ધકોને માર્ગદર્શન અને અભિનંદન પાઠવ્યા હતા. સ્પર્ધાના સંચાલનનો દોર પ્રા. દિપીકાબેન લાડ અને પ્રા. ચિરાગભાઈ એમ. ગુલાનીએ સંભાળ્યો હતો. કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

## મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણી

મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણી અંતગર્ત બીલીમોરા કોમર્સ કોલેજની મહિલા સમિતિ દ્વારા આરોગ્ય અને કાયદાકીય માહિતી તથા ૧૮૧ અભિગમની કામગીરીને લગતી સ્ત્રીસશકિતકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એડવોકેટ શ્રીપંકજભાઈ મોદીએ ઘરેલું હિંસા, સ્ત્રીઓને લગતી ફોજદારી કાયદાઓની કલમો તથા વૃધ્ધમહિલાઓ માટેના કાયદા અને હકક વિશે કાયદાકીય માહિતી આપી હતી. બીલીમોરાના સ્ત્રી રોગ નિષ્ણાંત ડૉકટર અર્ચનાબેન પટેલે સ્ત્રીના આહાર ઉપર વધારે ભાર મુકયો હતો તેમના મતે દરેક સ્ત્રીએ સમતોલ આહાર લેવો જોઈએ અને શારીરિક કસરતો તથા યોગા નિયમિત કરવાની સલાહ આપી હતી. આ ઉપરાંત ૧૮૧ અભિયમના ફાલ્ગુનીબેન અને સફીનાબેને વિદ્યાર્થિઓને સાયબર ક્રાઈમ વિશે માહિતી આપી હતી. મોબાઈલ અને ટેકનોલોજીનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાની સલાહ આપી હતી. બીલીમોરા નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રીમતી તેજલબેને મહિલા સશકિતકરણના કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થિઓનો ઉત્સાહ વધાર્યા હતો. કોલેજના ઈન્ચાર્જ આચાર્યા વર્ષાબેન ટી. રાણાએ ઉપસ્થિત મહેમાનોને પુષ્પ અને શબ્દોથી આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ મહિલા સમિતિના કન્વીનર પ્રા. સોનલબેન વસાવાએ કર્યુ હતું.

## મેકિંગ તથા પોસ્ટર મેકિંગસ્પર્ધા

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કોલેજ તથા વી.એસ.પટેલ કોલેજ દ્વારા રાખી મેકિંગ તથા પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં બંને કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિવિધ મટીરીયલ્સનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓએ ખુબ જ સુંદર રાખડીઓ બનાવી હતી. જેને સરહદે ફરજ બજાવતા સૈનિકોને મોકલવામાં આવશે તથા હાજર એન.ડી.આર.એફ. અને એન.સી.સી.ના ઓફિસરોને બહેનોએ તેમના હસ્તે રક્ષા બાંધી અભિવાદન કર્યુ હતું. સાથે સાથે કલમ–૩૭૦ નાબુદી તથા એન.ડી.આર.એફ.ના જવાનોની પૂર રાહત કામગીરીને દર્શાવતા વિષય પર વિદ્યાર્થીઓએ સરસ પોસ્ટર અને ચિત્રો દોર્યા હતા. આ કાર્યક્રમમાં એન.સી.સી. ઓફિસર તથા એન.ડી.આર.એફ.ના જવાનોએ હાજરી આપીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં કોમર્સ કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી.રાણા અને સાયન્સ કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી દિપેશભાઈ પટેલ તેમજ સ્ટાફ સભ્યો પ્રા. યોગિનીબેન મિસ્ત્રસ અને પ્રા. પાર્થભાઈ ઠકકર અને કોમર્સ તેમજ સાયન્સ કોલેજના અન્ય સ્ટાફનો સહકાર મળ્યો હતો.

## જી.એસ.ટી. વ્યાખ્યાન

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં જ્ઞાનધારાના ઉપક્રમે જી.એસ.ટી. સેમિનારનું આયોજન થયું હતું. કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન રાણાએ આમંત્રિત મહેમાનશ્રી અલ્પેશભાઈ ઉપાધ્યાય (એડવોકેટ અને જી.એસ.ટી. કન્સલ્ટન્ટ)નું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યુ હતું તેમણે વિદ્યાર્થીઓને જી.એસ.ટી. અંગે વ્યવહારુ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રા. ચિરાગભાઈ ગુલાનીએ કાર્યક્રમના સંચાલનનો દોર સંભાળ્યો હતો તેમજ આભારવિધિ કરી હતી.

## પુસ્તક વાર્તાલાપ

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે "મને ગમતું પુસ્તક વાર્તાલાપ" યોજવામાં આવ્યો હતો. નોલેજ સોસાયટીના યુગમાં પુસ્તકો આપણા સાચા રાહબર બની શકે છે. જ્ઞાન મેળવવું એ આત્માની ભૂખ છે. આ ભૂખ વાંચનથી સંતોષાય છે. વાંચન માનવીને કેળવે છે, ઘડે છે તથા માનવીની વિચાર ક્ષિતિજોને વિસ્તારે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ૮ વિદ્યાર્થીઓ અને એક અધ્યાપિકાએ ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.

## બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### ગાંધીજીની સાર્ધ શતાબ્દી: ગોષ્ઠિ અને પ્રદર્શન

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ બીલીમોરા અને શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયનાં સંયુકત ઉપક્રમે ગાંધીજીની સાર્ધ શતાબ્દી નિમિત્તે 'મૂલ્યોનાં ઉપાસક મહાત્મા ગાંધી' વિષય પર ગોષ્ઠી અને 'ગાંધીજીવન ઝરમર' પ્રદર્શન તા. ૨૧/૯/૨૦૧૯ શનિવારના રોજ સફળતાપૂર્વક યોજાયું. ભાવસભર પ્રાર્થના બાદ ઉપસ્થિત સૌ મહેમાનશ્રીઓનું સ્વાગત કરીને ગાંધી ગોષ્ઠી અને પ્રદર્શન પાછળનો હેતુ સમજાવતાં સંસ્થાનાં આચાર્ય ડાં. કિશોરભાઇ નાયકે કહ્યું હતું કે શિક્ષક જ ગાંધીવિચારને જીવતાં રાખીને નવી પેઢીમાં તેનું આરોપણ કરી શકે છે. તેથી ભાવિશિક્ષકોએ ગાંધી વિચારને પચાવી જીવવા જરૂરી છે. ત્યારબાદ જાયન્ટ્સ ગ્રુપ ઓફ બીલીમોરાનાં પ્રોગ્રામ ચેરમેન શ્રી બી. એચ. પટેલે જાયન્ટ્સ ગ્રુપ ઓફ બીલીમોરાનાં કાર્યની ભૂમિકા આપીને 'ગાંધીજીવનની ગોષ્ઠી અને પ્રદર્શન' યોજવા પાછળના હતુઓ સ્પષ્ટ કરતાં કહ્યું કે આ ગોષ્ઠી અને પ્રદર્શન થકી ગાંધી વિચાર સમાજમાં જીવંત થશે જ. તેમણે આ તકે પ્રસ્તુત કાર્યક્રમ માટે રૂા. ૧૦,૦૦૦/– આપનાર વી.એસ.પટેલ કોલેજના નિવૃત્ત આચાર્યશ્રી ધનેશચંદ્ર બી. ભાવસાર પ્રત્યે ઋણભાવ વ્યકત કર્યો હતો. ત્યારબાદ સંસ્થાનાં અધ્યાપિકા ડાં. નમ્રતાબેન પટેલે શિક્ષકે શા માટે ગાંધી વિચારને પચાવવા જોઇએ એ અંગે ગાંધીજીવનના ઉદાહરણો થકી પ્રભાવશાળીશૈલીમાં છણાવટ કરી હતી. ત્યારબાદ તાલીમાર્થીઓએ ગાંધી જીવન પર વિવિધ વિષયો પર પોતાના વિચારો વ્યકત કર્યા હતા. જેમાં "મને સ્પર્શી ગયેલા ગાંધીજીવનનાં ચાર પ્રસંગો અને તેની પ્રવર્તમાન પરિસ્થિતિમાં પ્રસ્તુતા" વિષય પર કુ. હર્નીશાએ સત્ય એ જ પરમેશ્વર અંગેની ગાંધીજીની સમજણ' વિષય પર મેઘનાબેને 'કસ્તુરબા ગાંધીનાં પત્ની હોવા છતાં બાપુ દ્વારા એને બાનું સંબોધન કરવા પાછળના કારણો' વિષય પર કુ. સહવાનાએ, 'સામાજીક ઉત્કર્ષ માટેની ગાંધીની સમજણ' વિષય પર વિશાલભાઇએ અને 'પ્રવર્તમાનસમયમાં ગાંધી વિચારોની પ્રસ્તુતા' વિષય પર કુ.શિવાનીએ પોતાના વિચારો અસરકારક રીતે રજુ કર્યા હતા.

બીલીમોરા વિભાગ કેળવણી મંડળના મંત્રીશ્રી મુકેશભાઇ મહેતાએ કહ્યું હતું કે ગાંધી વિચારોને આપણે જીવનમાં અપનાવવા જોઇએ અને શુભ કર્મ દ્વારા જીવનને ઉર્ધ્વગામી બનાવવું જોઇએ. ત્યારબાદ જાયન્ટ્સ ગ્રુપ ઓફ બીલીમોરા દ્વારા તાલીમાર્થી વકતાઓને પુરસ્કાર વિતરણ દ્વારા પ્રોત્સાહિતા કરવામાં આવ્યા હતાં સંસ્થાના આચાર્યશ્રી ડાં. કિશોરભાઇ નાયકે સંસ્થાની સમાજ સુધારણા પ્રત્યેની કટીબધ્ધતા દર્શાવતા કહયું હતું કે સ્વપરિવર્તન થકી જ વિશ્વપરિવર્તન શકય છે. અંતે સમગ્ર કાર્યક્રમની આભારવિધિ સંસ્થાના અધ્યાપક ડૉ. કલ્પેશભાઇ ટંડેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન પ્રા.ડાં.કિરીટભાઇ ચૌહાણે કર્યુ હતું. કાર્યક્રમના અંતે ગાંધી જીવન પર તૈયાર થયેલ અર્થપૂર્ણ પ્રદર્શનનું ઉદઘાટન જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશનના ઉપપ્રમુખશ્રી વિજયભાઇ પટેલે કર્યુ હતું. જાયન્ટ્સ ગ્રુપના પ્રમુખશ્રી ઉર્વીશભાઇ જોશી, ફેડરેશન ઓફિસર જા. ગીરીશભાઇ પટેલ, બીલીમોરા નગરપાલિકાની શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી કલ્પનાબેન પટેલ અને સહુ મહેમાનોએ ખૂબ જ મહેનતથી તૈયાર કરાયેલ આ ઉચ્ચગુણવત્તા ઉકત કાર્યક્રમને ખૂબ બિરદાવ્યો હતો. તાલીમાર્થીઓ ઉપરાંત શહેરની અન્ય શાળાઓના વિદ્યાર્થીઓ આ પ્રદર્શનને નિહાળી શકે એ માટે આગામી ત્રણ દિવસ માટે આ પ્રદર્શન ખુલ્લું રહેનાર છે.

## ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન, ભરથાણા–વેસુ, સુરત.

### હિન્દી દિવસની ઉજવણી

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશનમાં હિન્દી દિવસની ઉજવણીના કાર્યક્રમની શરૂઆત દિપ પ્રગટય, શ્લોક અને પ્રાર્થના દ્વારા થઈ. તાલીમાર્થીઓ દ્વારા હિન્દીના મહત્વ વિશે વકતવ્યો, કાવ્યપઠન, ગીત, દોહા, ગઝલ, નાટક જેવી કૃતિઓ રજુ કરવામાં આવી હતી. હિન્દીના મહત્વ વિશે ઈ.ચા. આચાર્ય નયનાબેન અને પ્રા. દિવ્યેશભાઈએ પોતાના મંતવ્ય રજુ કર્યા હતા. ડૉ. કે. વી. દેસાઈએ હિન્દીભાષા વિશે પોતાના અભિપ્રાયો પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની ભરૂચી જલ્પા અને પટેલ મિનાક્ષી તથા આભારવિધિ તંજીલા રાણા દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર આયોજન ઈ.ચા.આચાર્ય ડૉ. નયનાબેન ચૌહાણ અને પ્રા. દિવ્યેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

### આરતીથાળી ડેકોરેશન સ્પર્ધા

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશનમાં આરતીથાળી ડેકોરેશન સ્પર્ધા યોજવામાં આવી. જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. જેમાં તાલીમાર્થીઓને પ્રથમ, દ્રિતીય અને તૃતીય ક્રમ આપવામાં આવ્યો હતો. નિર્ણાયક તરીકે ઈ.ચા. આચાર્ય ડૉ. નયનાબેન ચૌહાણ, ડૉ. ભાવિનબેન દેસાઈ અને પ્રા.કલપનાબેન પટેલે ફરજ બજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. ભાવિનાબેન દેસાઈ અને પ્રા. કલ્પનાબેન પટેલે કર્યુ હતું.

### વર્ષાગીત સ્પર્ધા

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશનમાં વર્ષાગીત સ્પર્ધા યોજવામાં આવી. જેમાં તાલીમાર્થીઓએ

ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી કાકડીયા રિધ્ધી દ્વારા કરવામાં આવ્યું.જેમાં સોલોગીતમાં પ્રથમ ક્રમે પરમાર કોમલ, દ્વિતીય ક્રમે ચોકસી ફરહીન અને ગામીત પ્રકાશ તથા તૃતિય ક્રમે કાપડીયા એકતા આવ્યા હતાં. અને સમૂહગીતમાં પ્રથમક્રમે દેસાઈ આયુષીનું ગ્રુપ અને દ્વિતિય ક્રમે દેસાઈ અસ્મિતાનું ગ્રુપ આવ્યા હતા. નિર્ણાયક તરીકે પ્રા. નીતાબેન મોહિતે અને પ્રા. ડૉ. રોશનીબેન આયતોડા એ ફરજ બજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. સમીરાબેન અને પ્રા. કિંજલબેન કર્યુ હતું.

### વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ

સામાન્ય મંત્રી પટેલ જય, મહિલા પ્રતિનિધિ મંત્રી કાકડિયા રીધ્ધી, સાંસ્કૃતિક સમિતિના મંત્રી સુરતી આકાશ, નાણા સમિતિ મુલાની નિધી, વાદવિવાદ સમિતિ યાદવ સુમન, જીનખાના સમિતિ ખૈરનાર સુરજ, પ્રર્થના સમિતિ મિસ્ત્રી નિકિતા, પ્રવાસ સમિતિ પરમાર પ્રદિપભાઈ, પ્રેસનોટ સમિતિ બોરાડ દિવ્યા, પ્લાનીગ સમિતિ બડેલિયા કૈશિક, બુલેટીન સમિતિના મંત્રી તરીકે પઠાન મોહસિન નિમણૂંક પામ્યા હતા.

## સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારા.

### શિક્ષકદિન

તા. ૦૪/૦૯/૨૦૧૯ના રોજ સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડિકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારાદ્વારા શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી જેમાં ચોથાવર્ષના વિદ્યાર્થીઓએ બધા વર્ગોમાં અલગ અલગવિષય પર પાઠ લીધા હતા તેમજ અંતે વિદ્યાર્થી–શિક્ષકગણ ભેગા મળીને એકબીજાના અનુભવો વ્યકત કર્યા. ત્યારબાદ આજના શિક્ષક બનેલા વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને ગુલાબનું ફૂલ તથા સ્મૃતિભેટ આપીને અભિવાદન કર્યુ અને અંતે સહુનું મોંમીઠુ કરીને સૌ છુટા પડયા હતા.આ સમગ્ર કમર્યક્રમનું સફળ સંચાલન કોલેજના પ્રિન્સીપાલ ડૉ.જ્યોતિ રાવના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કમીટી દ્વારા કરવામાં આવ્યું.




## સરકારી વિજ્ઞાન કોલેજ, સોનગઢ.

### શિક્ષકદિન

સરકારી વિજ્ઞાન કોલેજ, સોનગઢ દ્વારા તારીખ ૦૫/૦૯/૨૦૧૯ના રોજ "શિક્ષકદિન" ની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને નવનિયુકત શિક્ષક બનાવવામાં આવ્યા જેમાં કુલ ૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સાથે–સાથે વાઈસ પ્રિન્સિપાલ તેમજ પ્રિન્સિપાલની પણ નિમણૂક કરવામાં આવી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થી–શિક્ષકો દ્વારા ખૂબ જ સરસ રીતે વિજ્ઞાનના વિવિધ વિષયો જેવા કે ભૌતિકશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, રાસાયણશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર તેમજ અંગ્રેજી વિષય પર શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું. આ કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થી–શિક્ષક દ્વારા તેમના એક દિવસીય શિક્ષક તરીકેના અનુભવો રજુ કરવામાં આવ્યાં.

આ કાર્યક્રમમાં સરકારી વિનયન અને વાણિજય કોલેજ સોનગઢના પ્રિન્સિપાલશ્રી ડૉ. રાજેશકુમાર એ. પટેલ અતિથિ વિશેષ તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને આશિર્વચન આપ્યા. સરકારી વિજ્ઞાન કોલેજ, સોનગઢના આચાર્યશ્રી ડૉ. સુભાષ એસ. આંધેર દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષક–દિન નિમિતે શુભેચ્છા સંદેશ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. પ્રથમ વર્ષની વિદ્યાર્થિની કુમારી વૈશાલી આહિરે શિક્ષકની મહત્તા પર ગીત રજૂ કર્યુ. સમગ્ર કાર્યક્રમનુ સુદર–સૂચમરુ સંચાલન કુમારી ભૂમિકા પાડવી તથા કુમારી રીપલ ગામીત દ્વારા કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમની આભારવિધિ શ્રી અનિલભાઈ મહિડાએ કરી હતી. આ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન સર્વ અધ્યાપકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.




### જળ શકિત અભિયાન

હાલમાં, ભારત સરકાર દ્વારા "જળ શકિત અભિયાન પખવાડિયું" એટલે કે તારીખ ૦૧–૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯ દરમિયાન આ પખવાડિયું ઉજવવામાં આવી રહ્યું છે જેમાં કુલ

૨૦ જેટલા પોસ્ટર પ્રદર્શન અને કુલ ૬૩ વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. આ પ્રદર્શનીમાં પાણીનો વ્યય કેવી રીતે અટકાવવો, વરસાદી પાણીનો બચાવ કરી તેનો સંગ્રહ કેવી રીતે કરવો તેમજ વિવિધ પાણી બચાવ પદ્ધતિઓ દ્વારા આવરી લેવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. રાજેશકુમાર એ. પટેલ મુખ્ય અતિથિવિશેષ તરીકે હાજર રહી આ કાર્યક્રમમાં આશીર્વચન આપ્યા હતા તેમજ પ્રો. રાજેશભાઈ ગામીતે પોસ્ટર કોમ્પિટિશનમાં નિર્ણાયક તરીકે માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં સરકારી સાયન્સ કોલેજના આચાર્યશ્રી ડૉ. સુભાષ એસ. આંધેર દ્વારા પોસ્ટર કોન્પિટિશનના માર્ગદર્શક અને નિર્ણાયક તરીકેની ભૂમિકા બજાવવામાં આવી હતી. આ કાર્યક્રમનું સફળતા પૂર્વક આયોજન અધ્યાપક ડૉ. સ્મૃતિ પટેલ અને ડૉ. હર્ષદ સાલવી દ્વારા કરવામાં આવ્યું હતું.








**POSTER PRESENTATION ON RAIN WATER HARDWASTING SYSTEM**
**DATED ON 5TH SEPTEMBER 2019**

## શ્રી એસ.આર.પટેલ બી.એડ્. કોલેજ, અણીતા (કીમ).

### ચેમ્પિયનશિપ

વિદ્યાદીપ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિતશ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ અણીતા (કીમ) એફ.વાય. બી.એડ્.ના તાલીમાર્થી કુરેશી મોહંમદસોહેલ રસુલભાઈએ નવસારી ખાતે યોજાયેલી યોગા એશોશિયનની ફસ્ટ ડીસ્ટ્રીકટ ચેમ્પિયનશીપમાં ૨૧ થી ૨૫ વર્ષની કેટેગરીમાં ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો છે. જેમને સંસ્થાના ચેરમેનશ્રી જયંતીભાઈ પટેલ, બી.એડ્. કોલેજના આચાર્યાશ્રી ડૉ. પત્રલેખાબેન બારડ અને પ્રાધ્યાપકોએ તેમની સિધ્ધિ માટે શુભેચ્છા પાઠવી હતી.

'દક્ષિણાયન': સરનામું

ડૉ. બી.જે.અંકુયા
તંત્રી, દક્ષિણાયન
યુનિવર્સિટી ગ્રંથાલય
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
ઉધના–મગદલ્લા રોડ,
સુરત–૩૯૫૦૦૭

E-mail:
dakshinayanlibrary.vnsgu@gmail.com

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics
Veer Narmad South Gujarat University
Surat.

**Editor: Dr. B. J. Ankuya**
Assistant Librarian
Veer Narmad South Gujarat University
Surat.

**Published by: Dr. Rajendra B. Patel**
I/c. Registrar
Veer Narmad South Gujarat University
Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant
Veer Narmad South Gujarat University
Surat.

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in

E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com